Lalbhai Dalpatbhai Series

General Editors:
Dalsukh Malvania
Ambalal P. Shah

No. 8

KAVI LĀVAṆYASAMAYA'S

Nemiraṅgaratnākara Chanda

Edited by

Dr. Shivlal Jesalpura
M. A., Ph. D.

LALBHAI DALPATBHAI
BHARATIYA SANSKRITI VIDYAMANDIRA
AHMEDABAD-9

First Edition : 500 Copies

Printed by Svami Tribhuvandas, Ramananda Printing Press, Kankaria Road, Ahmedabad and Published by Dalsukh Malvania. Director, L. D. Institute of Indology, Ahmedabad-9

Copies can be had of

L. D. Institute of Indology — Ahmedabad-9.
Gurjar Grantha Ratna Karyalaya — Gandhi Road, Ahmedabad-1.
Motilal Banarasidas — Varanasi, Patna, Delhi.
Sarasvati Pustak Bhandar — Hathikhana, Ratanpole, Ahmedabad-1.
Munshi Ram Manoharalal — Nai Sarak, Delhi.

कवि लावण्यसमयरचित

नेमिरंगरत्नाकर छंद

[उपोद्घात अने शब्दकोश सहित]

संपादक

डॉ. शिवलाल जेसलपुरा

एम. ए. पीएच्. डी.

प्रकाशक :

लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर

अमदावाद–९

अनुक्रमणिका

प्रास्ताविक

सोळमी शताब्दीमां थयेला जैन कविओमां कवि श्री. लावण्यसमयनुं स्थान घणुं ऊंचुं छे. त्रीश जेटली कृतिओमां तेमणे गुजराती कविताना प्रबंध, रास, छन्द, संवाद, हमचडी, विनति, स्तवन, विवाहलो वगेरे विविध प्रकारो खेड्या छे अने ए द्वारा पोतानी सर्वतोमुखी प्रतिभानो परिचय कराव्यो छे. आ कृतिओमां तेमणे धर्म, समाज, कला, उत्सव, रीतरिवाज, पहेरवेश, युद्ध, विरह, मिलन वगेरे विषयो उपर मार्मिक अने वेधक प्रकाश आपतां चित्रात्मक वर्णनो आलेख्यां छे. तेमां एमना कवित्वनां, तेमज भाषा—प्रभुत्व, शब्दभंडोळ, अलंकार-सौन्दर्य तथा छंद अने प्रासनी पासादार शैलीनां दर्शन थाय छे.

कवि लावण्यसमय विशे श्री. कनैयालाल मुनशीए 'नरसिंहयुगना कविओ' मां अने डॉ० धीरजलाल धनजीभाई शाहे तेमना पीएच्. डी. नी पदवी माटे लखेला 'विमलप्रबंध'ना निबंधमां आपणने घणी हकीकतो जाणवा मळे छे, तेथी तेमने विशे वधु कहेवुं उचित नथी.

कवि लावण्यसमये 'नेमिरंगरत्नाकछन्द' नामनी आ नानी कृतिमां पण वर्ण्य-विषयनी रसिक संकलना, प्रसंग चित्रो अने भावचित्रो तथा समृद्ध अलंकारो द्वारा पोतानी प्रतिभा बतावी छे अने आवेगभरी छटादार शैली अपनावी छे. कविए आ विषयनुं एक 'नेमिनाथ हमचडी' नामे काव्य रच्युं छे. बंने कृतिओनो विषय एक होवा छतां एनी रजूआतमां नवीनता जोवाय छे. क्यांय पण वर्ण्यविषय वेवडाय नहीं अने रसक्षति थाय नहीं एनी तेओ चीवट राखता होय एम पण जणाई आवे छे.

आवी सुन्दर कृतिनुं संपादन करवानुं डॉ० जेसलपुराए पसंद कर्युं ए एमनी आ विषयनी विद्वत्तानो ख्याल करावे छे. तेमणे काव्य अने भाषाना लगभग बधा विषयोनी उपोद्घातमां संक्षेपमां सारी छणावट करी छे. शब्दकोशमां एमनो ठीक ठीक परिश्रम पण वरताय छे.

विद्वान् संपादके चार प्रतिओनो उपयोग करी मूळ पाठने शुद्ध करवानो प्रयत्न कर्यो छे.

एकंदरे आ संपादन बधी रीते जूनी गुजराती साहित्यना अभ्यासीओ-विद्यार्थीओने उपयोगी थाय एवुं छे. विद्वान संपादक आवां सुन्दर संपादनो वधु ने वधु आपता रहे एवी आशा अमे राखीए.

अंबालाल प्रेमचंद शाह

ला० द० भारतीय संस्कृति विद्यामन्दिर
अमदावाद–९
४–११–१९६५

संपादकीय निवेदन

नेमिनाथ-राजिमती विशे गुजराती भाषामां विविध प्रकारनी कृतिओ ई. स. नी तेरमी सदीथी रचाती आवी छे. तेमां कवि लावण्यसमयकृत 'नेमिरंगरत्नाकर छन्द' मध्यकालीन गुजराती साहित्य, भाषा अने संस्कृतिना अभ्यास माटे महत्त्वनी कृति छे, तेथी तेनुं आ संपादन तैयार कर्युं छे. नरसिंहयुगना तेमज समग्र मध्ययुगना गुजराती कविओमां लावण्यसमयनी साहित्यसेवा उच्च पंक्तिनी छे, तेथी तेमनां जीवन अने कवन विशे उपयोगी माहिती पण उपोद्घातमां विस्तारथी आपी छे.

कृतिनी हस्तप्रतो सद्भावपूर्वक मेळवी आपी, आखीये वाचना वांची जई उपयोगी सूचनो करवा माटे पूज्य मुनिश्री पुण्यविजयजीनो हुं अत्यन्त ऋणी छुं. डॉ० हरिवल्लभ भायाणी, डॉ० भोगीलाल सांडेसरा तथा मु. अध्या० श्री. के. का. शास्त्रीए आखुंये पुस्तक वांची जई उपयोगी सूचनो कर्यां छे ते बदल ए विद्वानोनो आभारी छुं.

मारा आ कार्य अंगे घणी हस्तप्रतो जोवानी मारे जरूर पडी हती. ते सुलभ करी आपवा बदल अने आ पुस्तकना प्रकाशननी जवाबदारी उठाववा बदल श्री लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामन्दिरना संचालक श्री. दलसुखभाई मालवणियानो आभार मानवानी आ तक लउं छुं.

बीजी केटलीक मुद्रित कृतिओनो पण मारे उपयोग करवो पड्यो छे, जेनो उल्लेख पुस्तकमां यथास्थाने कर्यो छे. ए सौ लेखकप्रकाशकोनो पण आभार मानुं छुं.

देसाई चन्दुलाल मणिलाल
आर्ट्स अने कॉमर्स कॉलेज,
विरमगाम.
ता० १५-११-१९६५

शिवलाल जेसलपुरा

मुद्रणदोषो अने अनुपूर्ति

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
१	२०	वच्चे गोळ	वच्चे गोळ
४	१	अमदावाद	अमदावाद
८	१७	ओलखतो	ओळखतो
९	१४	व्यावहारिक	व्यावहारिक
१२	छेल्ली पंक्ति	(उमेरो) लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिरमां आ कृतिनी नं. ४३८९, ४५४४ अने ५०८२ नी हस्तप्रतो छे.	
१५	५	लग्न	लग्न
१८	२६	आ काव्य हजु अप्रसिद्ध छे.	आ काव्य 'बुद्धिप्रकाश' ना ओक्टोबर, १९३१ना अंकमां छपायुं छे. संपादक स्व०श्री. मोहनलाल दलीचंद देसाई छे.
२०	१६	आणा	आणी
२४	२३	विमलती	विमलनी
२७	२३	पणे	पण
२८	१४	समान्य	सामान्य
३०	४	तमां	तेमां
३०	८	जेटल	जेटला
४९	८	कचोळनो	कचोळांनो
५२	२८	(१–३०),	(१–३०).
५४	१९	जसु जस	जसु, जस
५७	१३	अनिवार	अनिवार
६१	१०	धिकारा	धिक्कारा
६२	२२	विरचिअ जंमा	विरचिअ जंगा
६६	१२	वला	वली
६७	१२	मांडइ	मांडइ
७०	१४	दिवज	दिवस
७९	३	त्रटी	त्रूटी
७९	८	अंअः	अंअः ९८
७९	९	झखइ ? ९८	झखइ ?
७९	१४	सालइ.	सल्लइ.
७९	२७	B सल्लइ	AC सालइ
९६	चोथुं कोलम १४	तुहिम	तुह्मि

उपोद्घात

प्रतपरिचय अने संपादनपद्धति

कवि लावण्यसमय नरसिंह युगना समर्थ कवि छे अने प्रथम पंक्तिना जैन कविओमां घणुं ऊंचुं स्थान धरावे छे. एमणे नानी–मोटी त्रीसेक कृतिओ रची छे. एमांथी केटलीक कृतिओ प्रसिद्ध थई चूकी छे, पण मोटा भागनी कृतिओ अप्रसिद्ध छे. कविनो 'नेमिरंगरत्नाकर छंद' गुणवत्तावाळी कृति छे अने ए हजु अप्रसिद्ध छे. मध्यकालीन गुजराती भाषा, साहित्य अने सांस्कृतिक इतिहासना अभ्यासमां ए उपयोगी थई पडे एम छे.

एना संपादन माटे नीचेनी हस्तप्रतोनो उपयोग करवामां आव्यो छे.

१. A प्रत—सागरगच्छना जैन ज्ञानभंडारनी आ हस्तप्रत पाटणना श्रीहेमचन्द्राचार्य जैन ज्ञानमंदिरमांथी प्राप्त थई छे. त्यांना ग्रंथभंडारमां एनो क्रमांक ९७२६ (डा. २१०) छे. एमां कुल ९ पत्र छे. पत्रनुं माप १०.५"× ४.४" छे. पत्र १ अने २ नी आगळपाछळ दरेक पृष्ठ पर ११ लीटी छे, पत्र ३ थी ८ नी आगळ-पाछळ दरेक पृष्ठ पर १३ लीटी छे, ज्यारे छेल्ला पत्रमां आगळनी बाजुए १३ अने पाछळ १२ लीटी छे. दरेक पानानी पाछळनी जमणी बाजुए हांसियामां नीचे पत्रांक १ थी ८ काळी शाहीमां अने पत्रांक ९ लाल शाहीमां लखेल छे. दरेक पृष्ठनी डाबी अने जमणी बाजुए लाल शाहीथी आशरे ०.६" नो हांसियो पाडेलो छे अने दरेक पृष्ठनी उपरनीचे पण ०.६" जग्या कोरी राखेली छे. दरेक पृष्ठनी वच्चे कलशाकृति छे अने एमां लाल गोळ वर्तुल मूकेल छे, तेमज संख्यांकवाळां पृष्ठोनी डाबी अने जमणी बाजुए पण हांसियामां वच्चे गोळ वर्तुळ मूकेलां छे.

आखीये प्रत एक ज हाथे देवनागरी लिपिमां लखायेली छे, तेमज अखंड अने सुवाच्य छे. प्रतनो मोटो भाग पडीमात्रामां छे, पण कोई कोई स्थळे खडी मात्रा मळे छे. अक्षरो काळी शाहीमां लखायेला छे, पण शरूआतमां "॥ एद० श्रीगौतमाय ॥" एटला अक्षरो, दंड अने कडीओनी संख्या (पहेला अधिकारमां १ थी ६६ अने बीजा अधिकारमां १ थी ११५) लाल शाहीमां छे.

प्रतमां पुष्पिका के लेखनसंवत नथी.

२. B प्रत—श्री संघना जैन ज्ञानभंडारनी आ हस्तप्रत पण पाटणना श्रीहेमचन्द्राचार्य जैन ज्ञानमंदिरमांथी प्राप्त थई छे. त्यांना ग्रन्थभंडारमां एनो क्रमांक ३१४० (डा. ११४) छे. एमां कुल ५ पत्र छे. पत्रनुं माप १०"×४.३" छे. पत्र १, २ अने ६ नी आगळपाछळ दरेक पृष्ठ उपर १७ लीटी, ज्यारे पत्र ३ अने ४नी आगळपाछळ दरेक पृष्ठ उपर १८ लीटी लखेली छे. दरेक पृष्ठनी डावी अने जमणी बाजुए ०.५" नो काळी शाहीथी हांसियो दोरेलो छे, तेमज उपरनीचे ०.३"थी ०.४" जग्या कोरी राखेली छे. पृष्ठांक १ थी ५ दरेक पत्रनी पाछळनी जमणी बाजुए नीचे हांसियामां काळी शाहीथी लखेल छे.

आखीये प्रत एक ज हाथे देवनागरी लिपिमां, खडी मात्रामां, काळी शाहीमां सळंग लखायेली अने अखंड छे. दंड अने कडीओनी संख्या (पहेला अधिकारमां १ थी ७० अने बीजा अधिकारमां १ थी ११३) पण काळी शाहीमां छे. वच्चे कलशाकृति के स्वस्तिक नथी. अक्षरो नाना छतां सुवाच्य छे.

आ प्रतमां पण पुष्पिका के लेखनसंवत नथी.

३. C प्रत—लहेरु वकील जैन ज्ञानभंडारनी आ हस्तप्रत पण पाटणना श्रीहेमचन्द्राचार्य जैन ज्ञानमंदिरमांथी प्राप्त थई छे. त्यांना ग्रन्थभंडारमां एनो क्रमांक १०८१२ (डा. २३०) छे. एमां कुल १० पत्र छे. पत्रनुं माप १०·२"×४·४" छे. दरेक पत्रनी आगळपाछळ दरेक पृष्ठ उपर १३ लीटी लखेली छे, पण पहेलुं पत्र पाछळनी बाजुए कोरुं छे. दरेक पृष्ठनी डावी अने जमणी बाजुए ०.७"थी ०.८" नो काळी शाहीथी हांसियो दोरेलो छे, तेमज उपरनीचे ·४" थी ·५" जग्या कोरी राखेली छे. पृष्ठांक १ प्रथम पत्रनी आगळनी जमणी बाजुए, ज्यारे पृष्ठांक २ थी १० पत्रनी पाछळनी जमणी बाजुए नीचे हांसियामां काळी शाहीथी लखेल छे. आ पृष्ठांकवाळां पत्रनी डावी बाजुए हांसियामां मथाळे पण 'रंगरत्नाकरप्रबंध' ए शब्द पछी पृष्ठांक लखेला छे.

आखीये प्रत एक ज हाथे देवनागरी लिपिमां, खडी मात्रामां (पहेला पृष्ठनी पहेली बे लीटीमां पडीमात्रानो उपयोग थयेलो छे), काळी शाहीमां लखायेली, अखंड अने सुवाच्य छे. दंड अने कडीओनी संख्या (पहेला अधिकारमां १ थी ७० अने बीजा अधिकारमां १थी ११६) पण काळी शाहीमां छे. दरेक पृष्ठनी वच्चे कलशाकृति छे.

आ प्रतमां पण पुष्पिका के लेखनसंवत नथी ।

४. आ उपरांत आ कृतिनी एक हस्तप्रत अमदावादना लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिरना ग्रंथभंडारमांथी मळी हती. ए प्रतनी पुष्पिका आ प्रमाणे छे:

"श्रीरस्तुः ॥ लेखकपाठकयोश्चिरं जीयात् ॥ संवत् १६०० वर्षे जेष्ठ सुदि १ रवौ लखितं श्रीमति गजपाठके ॥ श्रीरस्तु कल्याणमस्तु ॥ दीर्घायु ॥ इति श्रेय ॥"

पण आ प्रत अशुद्ध होवाथी, तेमज एमां घणे स्थळे अक्षरो घसाई गया होई, संपादनमां एनो प्रत्यक्ष उपयोग कर्यो नथी.

त्रणे प्रतोमां लेखनसंवत नथी, पण प्राचीनतानी दृष्टिए C अने A नुं स्थान प्रथम आवे छे, त्यारपछी B नुं स्थान आवे छे. ला. द. भा. सं. विद्यामंदिरनी वि. सं. १६००मां लखायेली प्रतनी तुलनाए तेमज भाषास्वरूप अने लिपिनी दृष्टिए A अने C प्रतो वि. सं. १६०० पहेलां अने B प्रत ए पछीथी थोडां वर्षमां लखायेली होवी जोईए.

त्रणे प्रतमां लेखनसंवत नहि होवाथी, तेमज कोई प्रत अर्थ अने छंददृष्टिए संपूर्ण शुद्ध नहि लागवाथी, कोई एक प्रतने मुख्य प्रत तरीके स्वीकारी आ कृतिनी वाचना तैयार करवानुं योग्य मान्युं नथी. पण त्रणेमांथी अर्थदृष्टिए, छंददृष्टिए अने भाषादृष्टिए जे पाठ स्वीकारवा जेवा लाग्या ते स्वीकारी बाकीना पाठ नीचे पादटीपमां नोंध्या छे. ए रीते पाठान्तरोनी पसंदगीपूर्वक थयेली (eclectic) वाचना आपवानो अहीं प्रयत्न कर्यो छे. एक पण शब्द हस्तप्रतोनी बहारनो लीधो नथी के एमां फेरफार कर्यो नथी. मूळनी जोडणी अने लेखन(उच्चारण)भेद यथातथ जाळवी राख्यां छे, शब्दना सौथी जूना स्वरूपने अपनाववानुं वलण राख्युं छे, अने ए रीते कर्ताना के एमना नजीकमां नजीकना समयनी भाषाने जाळववानो प्रयत्न कर्यो छे.

एम छतां संपादनमां मूळना दंडने स्थाने अर्वाचीन अर्थानुसारी विरामचिह्नो मूक्यां छे. हस्तप्रतोमां कोई वार त्रण के चार लीटीनी कडीने संख्यांक अपायो छे. संपादनमां सामान्यतः बे लीटीनी कडी गणी नवेसरथी क्रमांक आप्या छे.

कवि लावण्यसमय

जीवन

सामान्य रीते प्राचीन–मध्यकालीन कृतिओना कर्ताना जीवन विशेनी माहिती एमनी पोतानी तेमज समकालीन-अनुगामी कविओनी कृतिओ सिवाय भाग्ये ज बीजेथी मळे छे. लावण्यसमये पोते ज 'विमलप्रबन्ध'नी प्रशस्तिमां जणाव्युं छे ते मुजब 'नवरंग गूर्जर देश'ना सुप्रसिद्ध पाटण नगरमां मंग नामनो श्रीमाळी वणिक रहेतो हतो. पाटणमां दानी तरीके एनी ख्याति हती. कोई कारणे ए कुटुम्ब पाटण छोडी अमदावाद आवी वस्युं. मंगने आ वखते त्रण पुत्रो हता. सौथी मोटा पुत्रनुं

नाम श्रीधर हतुं. अमदावाद शहेरने आ वखते घणां परां हतां. एमांना 'अजदर पुरा'मां आ कुटुम्ब रहेतुं हतुं. आ श्रीधर वणिकने एमनी पत्नी झमकलदेवीथी चार पुत्रो—वस्तुपाल, जिनदास, मंगलदास अने लहुराज अने एक पुत्री लीलावती हतां.[1]

आ लहुराज (लहुजी>लवजी) ते ज आपणा कवि लावण्यसमय. एमनो जन्म वि. सं. १५२१ = ई. स. १४६५ मां पोष वदि त्रीजना रोज थयो हतो. आ वखते अमदावादमां जैनोनुं प्रभुत्व हतुं. ('गुजरातनुं पाटनगर: अमदावाद'—रत्नमणिराव भीमराव—पृ. ४००). अजदरपुर परामां पण जैनोनी वस्ती हती. ('गुजरातनुं पाटनगर: अमदावाद'—रत्नमणिराव भीमराव—पृ. २२६). जैनोना लत्तामां जैन मन्दिर अने पासे धर्मशाळा (उपाश्रय) हतां. आ उपाश्रयमां चातुर्मास रहेला मुनि समयरत्नने श्रीधर वणिके लहुराजना जन्माक्षर देखाड्या. जन्माक्षर जोईने समयरत्ने कह्युं, के 'आ बाळक महान तपस्वी, मोटो यति, महा विद्वान के बहु तीर्थयात्रा करनारो थशे'.[2]

---

१. गूजर देस देस नवरंग, पट्टण नगर प्रसिद्धउं चंग,
संघ मुख्य श्रीमाली मंग, करइ पुण्य जगि मोटा जंग. ३१
दीइ दांन व्यवहारी वादि, तिहांथा आव्या अमदावादि;
त्रिणि पुत्र तस कुलशृंगार, प्रथम पुत्र शीधर सुविचार. ३२
अजदरपुरि कीधा आवास, झमकलदेवी घरुणी तास;
च्यारि पुत्र तेहनइ जिनमति, पंचम पुत्री लीलावती. ३३
वस्तुपाल जमलि जिणदास, त्रीजु बंधव मंगलदास,
चतुर चंग चउथउ लहूराज, तेहनई पुण्य सरिसूं काज. ३४
('विमलप्रबन्ध'—सं. मणिलाल ब. व्यास, सं. १९७०)

२. धर्मशाल जिनमन्दिर पाशि, समइरत्नगुरु तिहां चुमाशि,
जनमयोग देपाडिउ जशइ, सहिगुरु हृदय विमांसइ तिगइ. ३५
संवत १५२१ धिन्न, शके तेर छयाशीउ प्रसन्न,
पोष वदी दिन त्रीज पवित्र, आविउ अश्लेषा नक्षत्र. ३६
घडी पाछिली नव नव राति, जन्म अर्क ऊगीउ प्रभाति,
तुला लग्न सरिसु संकेत, मूरति मंगल जमलु केत; ३७
वृश्चिक बुध रवि त्रीजउ रहिउ, शुक्र मकरि ते चउथइ कहिउ,
गुरु शनि कुंभि रह्या पांचमइ, मेषि राहु सोहइ सातमइ. ३८
दसमइ चन्द रहिउ निज घरे, जन्मयोग जोइउ सहिगुरे;
हृदयस्थलि रवि नक्षत्र वशिउं, सहिगुरि वचन प्रकासिउं इस्युं: ३९
सुनउ थेष्टि होसि तपवर्गा, कइ ए जाशइ तीरथ भणी;
कइ ए थाशइ मोटउ यती, वर विद्या होशइ दंपती. ४०
('विमलप्रबन्ध')

मुनि समयरत्नना कहेवाथी मातापिताने पगे लागीने बाळक लहुराज वैरागी थयो. नवमे वर्षे, वि. सं. १५२९ ना जेठ सुदि दसमना दिवसे पाटणमां पाळणपुरी उपाश्रयमां तपगच्छशाखाना अधिपति लक्ष्मीसागरसूरिए एने दीक्षा आपी, अने एनुं मुनि तरीकेनुं नाम लावण्यसमय राखवामां आव्युं. दीक्षानो आ उत्सव खूब धामधूमथी थयो हतो[3].

लावण्यसमये 'विमलप्रबन्ध'नी प्रशस्तिमां कह्युं छे ते मुजब मुनि समयरत्ने एमने अनेक विषयोनुं अध्ययन कराव्युं हतुं अने सोळमा वर्षथी एमणे कविता रचवी शरू करी हती. रास, छन्द, कवित, चोपाई, प्रबन्ध, संवाद, विविध प्रकारनां गीत (स्तवन, सज्झाय, आदि) एम अनेक प्रकारो एमणे खेड्या हता. विविध प्रकारनी काव्यरचना साथे ठेकठेकाणे एमणे धर्मोपदेश कर्यो हतो. विद्वत्ता अने कवित्वशक्तिने परिणामे एमना उपदेशथी मोटा मोटा मन्त्रीओ अने राजाओ प्रसन्न थया हता. राज्यकर्ता मुसलमान सरदारोए एमनी आज्ञाने मान आप्युं हतुं अने भक्त श्रावकोए स्थळे स्थळे देरासरो अने उपाश्रयो बंधाव्यां हतां.[4] एमना उपदेशथी मेवाडना महाराणा रत्नसिंहना मन्त्री कर्माशाहे सौराष्ट्रमां आवेल शत्रुंजय तीर्थनो सातमो उद्धार कर्यो हतो.[5] एमनी आ शक्तिओने कारणे एमने वि. सं. १५५५मां पण्डितपद आपवामां आव्युं हतुं.

---

३. गुरुवचने वइरागी थयु, माततात-पय लागी रहिउ;
जेठ शुदि दिन दसमी तणउ, उगणत्रीसइ उच्छव घणउ. ४१
पाटणि पाल्हणपुरी पोसाल, जंग हुइ चउपट चुसाल,
दिइ दीक्षा अति आणंदपूरि, गच्छपति लखमीसागरसूरि. ४२
संघ सजन सहू साखो समइ, नाम ठविउं मुनि लावण्यसमइ. ('विमलप्रबन्ध')

४. नवमइ वरसि दीष वर लीध, समयरत्नगुरि विद्या दीध. ४३
सरसति मात मया तव लही, वरस सोलमइ वांणो हुइ;
रचिआ रास सुंदर संबंध, छंन्द कवित चउपई प्रबन्ध. ४४
विविध गीत बहु करिया विवाद, रचीया दीप सुरस संवाद;
सरस कथन नहीं आलि करइ, मोटा मंत्रीराय रंजवइ. ४५
जस उपदेस हवु सुविशाल, बहु थानकि देहरां पोसाल;
मीर मलिक ते मांडइ विनइ, पंडितपद ते पंचावनइ. ४६ ('विमलप्रबन्ध')

५. पूज्य पं० समयरत्न-शिष्य पं० लावण्यसमयस्त्रिसंध्यं
श्रीआदिदेवस्य प्रणमतीति भद्रं...
लावण्यसमयाख्येन पंडितेन महात्मना।
सप्तमोद्धारसक्ता च प्रशस्तिः प्रकटीकृता ॥
('प्राचीन जैन लेखसंग्रह' भा. २-सं. जिनविजय)

लावण्यसमयनी कृतिओ उपरथी जणाय छे के चातुर्मासने कारणे तेमज यात्रानिमित्ते अेओए सौराष्ट्र, गुजरात अने रजपुतानामां जुदे जुदे स्थळे विहार कर्यो हतो अने त्यां रही जुदी जुदी कृतिओ रची हती . आ रीते एमणे वि. सं. १५५८ मां नवपल्लव पार्श्वनाथनी यात्रा करी हती[६]. वि. सं. १५६२ मां वामज नगरमां 'आलोयण विनति,'[७] ए ज वर्षमां सेरीसामां 'सेरीसा पार्श्वनाथस्तवन,'[८] वि. सं. १५६७ मां खम्भात(त्रंबावती)मां 'सुरप्रिय केवलीरास,'[९] वि. सं. १५६८ मां पाटण पासे मालसमुद्रमां 'विमलप्रबन्ध,'[१०] वि. सं. १५७५ मां शांतिज(साती)नगरमां 'करसंवाद',[११] ए ज वर्षमां कतपुरमां 'देवराज-वच्छराज चोपाई'[१२] अने वि. सं. १५८९ मां अमदावादना परा वुहादीनपुरामां 'बलिभद्र-यशोभद्र रास'[१३] एमणे रच्यां हतां. गिरनारनी यात्रा पण एओए करी हती.[१४]

---

६. संवत पन्नर अठावनि रे चैत्रह वदि चउसाल,
ए तु मुनि लावण्यसमय नवपल्लव कीधी यात्र रसाल.
('नवपल्लव पार्श्वनाथस्तवन-ह. प्र. ला. द. सं. मं. नं. ६९९५)

७. संवत पनर वासिठइं आदिश्वर रे अलवेसर साष तु,
वामिज मांहि वीनव्यो सीमंधर रे, देव दर्शन दाषि तु.
('जन·गूर्जर कविओ भाग १'-मोहनलाल दलीचन्द देसाई)

८. संवत पन्नर वासठि प्रसाद् सेरीसा तणो,
लावण्यसमें इम आदि वोलें नमो नमो त्रिभुवनधणी. ('जै. गू. कविओ-भाग १)

९. संवत पंनर सतसठइ आसो सुदि रविवार,
रचिउं चरित्र सोहामणुं त्रंबावती मझारि. (जै. गु. क.-१)

१०. अणहिलवाडा पट्टण पाशि, मालसमुद्रि रहिआ चउमासि,
वोल सकल संघिइ विनविउ, विमल रास तेणइ कारणि कविउ. ४८ (विमलप्रबंध)

११. जिहां पोढां जिणहर पोसाल, वसइ लोक दीपता दयाल,
शांतिज(साती) नगर मंडि सुविशाल, गायु करसंवाद रसाल.
संवत पनर पंचिहुतरइ, मुनि लावण्यसमइ उचरइ,
पामी चन्द्रप्रभ जिनराय, वे कर संपिइ पूज्जइ पाय. (जै. गू. क. १)

१२. शिष्य तास पयतलि नमीए नयर कतपुरिमांहिं,
संभवनाथ पसाउलें ए रास रचिओ उछाहि. (जै. गू. क. १)

१३. संवत पनर नव्यासीइं माघ मासि रविवारि.
अहिमदावाद विशेषीइं पुरु वुहादीन मझारि,
संघ सुगुरु आदेसडइं जिहा करी पवित्र,
वोहा वलिभद्र किन्ह रसि जसभद्र रचिउं चरित्र. (जै. गू. क. १)

१४. सोहइ गण तपगच्छ शणगार, देसविदेशिइ करइ विहार,
सोरठदेशि रही गिरनारि, पुहता गुज्जर देस मझारि. ४७ (विमलप्रबन्ध)

लावण्यसमयना शिष्यसमुदाय विशे कशी माहिती मळती नथी.

लावण्यसमय पोतानी कृतिओमां लक्ष्मीसागरसूरि अने समयरत्नसूरिने पोताना गुरु तरीके गणावे छे, पण ए बे उपरांत सुमतिसाधुसूरि, सोमसुन्दर, सोमजय, सोमगुण, राजप्रिय, इन्द्रनंदि वगेरेनो पण एओ पोताना गुरु तरीके उल्लेख करे छे. वि. सं. १५४३मां रचायेल 'सिद्धांत चोपाई'ने अन्ते अेओ कहे छे :

"अम्ह गुरु श्री**सोमसुन्दरसूरि**, जासु पसाइं दुरिआं दूरि,
तपगच्छनायक सुगुणनिधान **लक्ष्मीसागरसूरि** प्रधान;
श्री**सोमजयसूरींद** सुरींद सुजाण, जसु महिमा जगि मेरु समाण,
अहनिसि हरषि प्रणमु पाय, सुमतिसाधु सूरि तपगछराय;
गुणमंडित पंडित जयवंत **समयरत्न** गिरूआ गुणवंत."

वि. सं. १५४६मां रचायेल 'नेमिरंगरत्नाकर छन्द'मां आ उपरांत सोमगुण अने राजप्रियनो उल्लेख मळे छे:

"श्रीमत्**सोमगुण**व्योम सोमसौभाग्यसुन्दरः
प्रज्ञावज्ञातमत्सूरिः सूरिश्री **सोमसुन्दरः**
श्रीसोमसुन्दर लब्धिसायर **सोमदेवमुनीश्वराः**
श्रीसोमजय गुणधरगिरूआ **सुमतिसाधु** गुणेश्वराः
श्रीइंद्रनंदिसुरिंद राजप्रियसूरि सदाफला,
तपगच्छमंडण सवे सहिगुरु जयु महीयलि अविचला.
गुणराजिमण्डित पवर पंडित **समयरत्न** मुनीश्वरो,
तसु पाय पामी सीस नामी स्तविउ तूं नेमीश्वरो.

'गौतमपृच्छा चउपइ' (वि. सं. १५४५)मां इन्द्रनंदि अने राजप्रियसूरिनो उल्लेख मळे छे :

"तपगच्छनायक आणंदपूरि, वंदुं **श्रीसोमसुन्दरसूरि**,
तास अवनइ सोहइ गुरुचंद, सिरि **लक्ष्मीसागरसूरिंद**.
सिर **सिरिसोमदेवसूरि** सोम समान, **सोमजयसूरि** सप्रधान,
तपगच्छनायक नयणानंद गुरु **सुमतिसाधु** सुरिंद.
श्रीइंद्रनंदिसूरि गणधर, किरि अभिनव गोयम–अवतार,
तपगछि उपइ अविचल भाण **श्रीराजप्रियसूरि** सुजाण,
समयरत्न जयवंत मुणींद, इम जंपइ जगि तेहनउ सीस."

आ उपरथी लावण्यसमयना गुरु कोण एवी शंका थवा संभव छे, परन्तु सुमतिसाधु, सोमसुन्दर, सोमगुण, इन्द्रनंदि, राजप्रिय, शुभरत्न, सुधानन्दन, रत्नमण्डन, जिनहंस आदि दस मुनिओने लक्ष्मीसागरसूरिए आचार्यपद आप्यानो उल्लेख मळे छे.[१५] सोमविमळ नामना साधुए वि. सं. १६०२मां रचेल 'गच्छनायक पट्टावली सज्झाय'मां पण आ अगियार मुनिओने लक्ष्मीसागरसूरिए आचार्यपद आप्यानो उल्लेख छे.[१६] एटले ए सर्वे लावण्यसमयना गुरुभाई समजाय छे. तपागच्छनी पट्टावली[१७] मुजब लक्ष्मीसागरसूरिनी पाटे सुमतिसाधुसूरि आव्या छे. एमने विशे लावण्यसमयने अत्यन्त मान छे अने 'सुमतिसाधुसूरिविवाहला'मां सुमतिसाधुना दीक्षाना प्रसंगने एमणे रसिकताथी वर्णव्यो छे.

लावण्यसमये गुरु तरीके लक्ष्मीसागरसूरि अने समयरत्नसूरि बंनेनो उल्लेख कर्यो छे, एनो अर्थ कई रीते घटाववो ए प्रश्न रहे छे. परन्तु लावण्यसमयने दीक्षित थवा तैयार करनार समयरत्न हता. लक्ष्मीसागरसूरि पासे दीक्षा लीधा पछी अनेक विषयोनुं अध्ययन पण एमने समयरत्ने कराव्युं छे. लक्ष्मीसागरसूरिनो स्वर्गवास वि. सं. १५३७मां थयेलो.[१८] ए पछी लावण्यसमयना प्रेरक समयरत्नसूरि होय ए स्वाभाविक छे. आम पहेला गुरु समयरत्नसूरि छे, ज्यारे दीक्षागुरु लक्ष्मीसागरसूरि छे. शत्रुंजय–प्रशस्तिमां **"पूज्य पं. समयरत्न–शिष्य पं.लावण्यसमय"** एवो उल्लेख छे. ए परथी भक्तसमुदाय पण लावण्यसमयने समयरत्नना शिष्य तरीके ओळखतो लागे छे. लावण्यसमये समयरत्नने माटे 'गिरूआ गुणवंत', 'गुरुराय', 'मुनीश्वरो' जेवा विशेषणोनो उपयोग कर्यो छे. वळी एक ज गुरुनो उल्लेख करे छे त्यां एओ समयरत्ननो ज उल्लेख करे छे. आ उपरथी पोताना गुरुभाई प्रत्ये लावण्यसमयने मान छे, एमने पोताना गुरु समान गणे छे, दीक्षागुरुने पण एओ अत्यन्त मान आपे छे, पण गुरु तरीके सौथी वधु मान तो समयरत्नने आपे छे, ए स्पष्ट छे.

लावण्यसमयनुं अवसान क्यां अने क्यारे थयुं ए विशे कशी माहिती मळती नथी,[१९] परंतु एटलुं चोक्कस कही शकाय के वि. सं. १५८९ सुधी एओ हयात

---

१५. "ऐतिहासिक राससंग्रह भाग २–सं. श्री विजयधर्मसूरि, सं. १९७८ –प्रस्तावना

१६. "ऐतिहासिक सज्झायमाला" भाग १

१७. जैन गूर्जर कविओ, भाग २

१८. जैन गूर्जर कविओ, भाग १

१९. क्यारे स्वर्गस्थ थया ए जाणवा कंई साधन उपलब्ध थयुं नथी." (जै. गू. क. १—पृ. ७०)
"तपास करवा छतां कविनो देहोत्सर्ग क्हां अने क्या समये थयो ते कांई जाणवामां आव्युं नथी." ('ऐतिहासिक रासंग्रह भा. २–सं. श्रीविजयधर्मसूरि–प्रस्तावना, पृ.१६)

हता. आ वर्षमां अमदावादमां शाहआलमना रोजा पासे आवेला बुहादीनपुरामां रही एमणे 'खेमऋषि(बोहा)रास—यशोभद्रसूरिरास'नी रचना करी छे.[२०] आम कविनी ६८ वर्षनी उंमर (वि. सं. १५२१ थी १५८९) निश्चित छे.

लावण्यसमयनी प्रथम दीर्घकृति 'सिद्धांतचोपाई' वि. सं. १५४३मां अने छेल्ली कृति 'यशोभद्रसूरिरास' सं. १५८९मां रचाई छे. वच्चेना गाळामां नानी–मोटी त्रीसेक कृतिओ रची छे. एमां एमणे जैन धर्मनां तीर्थक्षेत्रो, उत्सवो, आचारविचार, व्रतनियमो इत्यादिनो महिमा गायो छे ने ए धर्मना सिद्धांतोनुं प्रतिपादन कर्युं छे. 'गौतमपृच्छा,' 'आलोयण सज्झाय,' 'पुण्यफल सज्झाय,' 'आत्मबोध सज्झाय,' 'चतुर्विंशतिजिनस्तवन' वगेरे कृतिओमां एमनो अंतःकरणनो वैराग्य अने भक्तिभाव ऊभराइ जतो जणाय छे. ऐमनी बधी कृतिओ सांप्रदायिक छे, छतां तक मळतां सामाजिक रीतरिवाजो, ज्ञातिओ, देश, नगर, वन, सामुद्रिक लक्षणो, अस्त्रशस्त्रो, आभूषणो, पहेरवेश, शुकन–अपशुकन, अश्वप्रकार, पुरुषनी कला, स्त्रीनी कला इत्यादिनां वर्णनो एमणे करेलां छे. कहेवतो अने सामान्य विधानो–अर्थान्तरन्यासनो बहोळो उपयोग कर्यो छे ने व्यावहारिक उपदेश आप्यो छे. विविध छन्दो अने रागरागणीनो उपयोग करी पद्यरचना अने भाषा पर ऊंचा प्रकारनुं प्रभुत्व दर्शाव्युं छे. 'करसंवाद' अने केटलीक हरियाळी-ओमां चातुर्य अने विनोद जोवा मळे छे. वर्णन करवानी अने रस जमाववानी शक्ति एमणे स्थळे स्थळे दर्शावी छे. एमनी 'सिद्धांत चोपाई' एमना स्वभावनुं सुन्दर दर्शन करावे छे. ए वखते "लोंका नामना अमदावादना एक श्रावके जिनधर्मनी चालती परम्परा विरुद्ध नवो पंथ चालतो कर्यो हतो. परिस्थिति एवी अनुकूळ हती के नवो पन्थ चालती आवेली मान्यताओनी विरुद्ध होवा छतां पण श्रावकोने ए गम्यो अने एक पछी एक, हजारो श्रावको ए पन्थमां भळी जवा लाग्या. × × आ पन्थ ऊभो थतां जैन संघने अने खास करीने श्वेतांबर जैनसंघने एवो आकरो धक्को लाग्यो के एनां एके-एक अङ्ग हाली ऊठ्यां. × × आवे वखते नवजुवान मुनि लावण्यसमय कवि थवाना कोडमां ऊछळता हता."[२१] एमणे लोंकाशाना मतनो प्रतीकार करती 'सिद्धांत चोपाई' रची; पण "एमां नथी सामा पक्षने हलको पाडवानी हलकी युक्तिओ, नथी कांई आक्षेपो

२०. आ संबन्धमां श्री. क. मा. मुनशी 'नरसिंहयुगना कविओ'मां लखे छे : "छपायेला 'ऐतिहासिक राससंग्रह'मां आ ग्रंथ रच्यानो सं. १५८९ आप्यो छे, पण मारी पासेनी प्रतिमां सं १५८२ नी साल लखी छे, अने ते ज साल खरी लागे छे."

२१. 'नरसिंहयुगना कविओ'—क. मा. मुनशी

के नथी कशो घूंघवाट; मात्र सूत्रो टांकीने गुजरातीमां एनो अर्थ समजाव्यो छे. काव्यने छेडे एमणे आ प्रमाणे कह्युं छे :

> "क्रोध नथी पोषिउ मइ रति, वात कही छइ सघली छती,
> बोलिउ श्री सिद्धांतविचार, निंदानु सिउ अधिकार. ७३
> जे जिम जाणउ ते तिम करउ, पण जिनधर्म खरउ आदरउ."[२२] ७४

आ उपरथी स्पष्ट कही शकाय एम छे के लावण्यसमय मात्र धर्मरत के धर्मचुस्त साधु नहि, पण स्वस्थ, बहुश्रुत अने रसिक विद्वान हता. धर्म जेटलो ज समाजमां एमने रस हतो. एमनुं व्यक्तित्व विद्वत्ता अने रसिकताथी मान मेळवे तेवुं छे, तो निर्मळ साधुताथी पूजाय तेवुं छे.

कवन

लावण्यसमये प्रबन्ध, रास, चोपाई, छन्द, संवाद, हरियाळी, हमची, सज्झाय, स्तवन, एम अनेक प्रकारनी कृतिओ रची छे. एमांथी केटलीक कृतिओ जैन गृहस्थोना जीवनप्रसंगने लगती छे, केटलीक कृतिओ जैन साधुपुरुषो विशे छे, तो केटलीकमां जैन तीर्थंकरोनुं गुणानुदर्शन छे. 'विमलप्रबन्ध' जेवी कृतिमां इतिहासने तो 'देवराजवच्छराज चोपाई'मां लोककथाने गूंथी देवामां आवेल छे. केटलीक कृतिओ आठदस कडीनी छे, तो केटलीक सारी रीते मोटी छे. आमांनी केटलीक कृतिओ सामयिकोमां अने पुस्तकाकारे प्रसिद्ध थयेल छे, परन्तु मोटा भागनी अप्रसिद्ध छे. मोटा भागनी कृतिओमां रचनासमय मळी रहे छे.

१. [२२]सिद्धांत चोपाई

आ कृतिनी रचना वि. सं. १५४३ना कार्तिक सुदि ८ ने रविवारे थई छे. एमां १८१ कडी छे :

> 'ए चउपइ रची अभिराम, लुंकट—वदन—चपेटा नाम. १७९
> संवत्सर दह पंच विशाल, त्रिताला वरषे चउसाल,
> काती शुदि आठमी शुभ (रवि)वार, रची चउपइ बहुत विचार. १८०

॥ १८१ ॥ इति श्रीसिद्धांत चतुष्पदी । लुंकटवदने चपेटा विधाना । लिखिता परोपकाराय ॥[२२]

---

२२. 'जैनयुग', पुस्तक ५, अंक ९–१० (वि. सं. १९८६)मां प्रकाशित.

२३. 'जैनयुग', पु. ५ अने 'जैन गुर्जर कविओ'–१

विक्रमनी सोळमी सदीनी शरूआतमां अमदावादना लोंकाशाह (वि. सं. १५०८) नामना साधुए जैन श्वेताम्बर मूर्तिपूजक संप्रदायना प्रचलित रीतरिवाजो अने जैनोनी आवश्यक क्रियाओ, प्रतिमापूजा वगेरेनो विरोध करी नवो पन्थ स्थाप्यो हतो. लोंकाशाहना आ नवा मतनुं—सिद्धांतोनुं 'सिद्धांत चोपाई (लुंकावदन—चपेटा)'मां खण्डन तेमज पोताना मतनुं प्रतिपादन छे. कविनी बावीस वर्षनी युवानवये आ कृतिनी रचना थई छे छतां एमां लगार पण क्रोध के निंदानो भाव नथी.[२४] मात्र शास्त्रना सिद्धांत बतावीने पोतानो प्रश्न खरो छे अने सामो पक्ष खोटो छे एम सिद्ध करवानो एमां प्रयत्न करवामां आव्यो छे.[२५] दृष्टांतो द्वारा विषयने असरकारक बनाववानी कविनी शक्तिनुं पण एमां दर्शन थाय छे :

' मदि झिरतु मयगल किहां, किहां आरडतूं ऊंट,
पुण्यवंत मानव किहां, किहां अधमाधम खूंट. १५२
राजहंस वायस किहां, (किहां) भूपति किहां दास,
सपतभूमि मंदिर किहां, किहां उडवसे वास. १५३
मधुरा मोदक किहां लवण, किहां सोनूं किहां लोह,
किहां सुरतरु किहां कयरडु, किहां उपशम किहां कोह. १५४
किहां टंकाउलि हार वर, किहां कणयरनी माल,
शीतल विमल कमल किहां, किहां दावानल—झाल. १५५
भोगी भिक्षाचर किहां, किहां लहिवूं किहां हाणि,
जिनमत लुंका—मत प्रतिइं एवडुं अंतरि जाणि."[२६]

आ कृतिनी हस्तलिखित अनेक नकलो थई छे, ए एनो जैन समाजमां थयेलो प्रचार बतावे छे.

२. [२७]गौतमपृच्छा चउपइ

आ कृति सांप्रदायिक अने उपदेशप्रधान छे. प्राकृत 'गौतमपृच्छा' प्रकीर्णकने आधारे एनी रचना थई छे. भगवान महावीरना प्रथम शिष्य गौतम गणधरना मनमां जैन सिद्धांतो अंगे केटलाक संशय थयेला, तेना निवारणार्थे एमणे केटलाक प्रश्नो महावीरने पूछेला. आ प्रश्नो तेमज एना उत्तरनी गूंथणी आ 'चउपइ'मां छे. एमां कविना अंतःकरणनां वैराग्य अने भक्तिभाव ऊभराई जतां जणाय छे :[२८]

---

२४. 'ऐतिहासिक राससंग्रह'—भाग २—प्रस्तावना.
२५. 'नरसिंहयुगना कविओ'
२६. 'जैनयुग', पुस्तक ५, अंक ९-१०
२७. आ कृति 'सज्झायमाला' (शा. भीमशी माणेक प्रकाशित) मां प्रसिद्ध थई छे.
२८. 'नरसिंहयुगना कविओ.'

'धर्म करु चितु मन मांहि, आलस वइरी आगलि थाइ;
पापी परहु करी न सकाइ, रातिदिवस इम आलि जाइ. १६
आरति न टली एकु वार, जनम मरण वचि एक लगार,
भवसागरि हूं भमिउ अपार, तुझ विण सामी कुहु कुण तारइ. १७
घरघरणीनि भारिइं जूतु, आगइ जनम घणाइ विगूतु,
महिआं मोहनिद्राभरि सूतु, पापकरमि कलि-कादमि खूतु. १८
बालपणइ क्रीडारसि हूंतु, यौवनवय युवतीसुखि जूतु,
वडपणि व्याधि घणी जोगवतु, धर्महीण भव इम भोगवतु.' १९

एनो रचनासमय वि. सं. १५४५ चैत्र सुदि ११ ने गुरुवार छे. काव्यमां एनो उल्लेख चमत्कृतिपूर्वक थयो छे :

'पहिलु तिथिनी संख्या जाण, संवत जाणु इणि अहिनाण,
बाणवेद जउ वांचउ वाम, जांणउ वरष तणो तुमे नांम. ११७
वासुपूज्य जिणवर वारसु, चैत्र थको मास जिने नमो,
अजुआली इग्यारशि सार, तहीं सुरगुरु गिरुउ वार.'[२९] ११८

कोई हस्तप्रतमां आ कृतिनी ११९, तो कोई हस्तप्रतमां १२१–१२२ कडीओ मळे छे.

३. [३०]स्थूलिभद्र एकवीसो

आ काव्यनी रचना वि. सं. १५५३ना दिवाळीना दिवसोमां थई छे :

' संवत पंनर त्रिपनइ, संवत्सरे दिवस दीवाली तणउ,
थूलिभद्र गायु मय सुणायु एकवीसु ए भणउ.'[३१]

एमां एकवीस कडीओ छे.

स्थूलिभद्र एक मोटा जैन आचार्य थई गया. एओ पूर्वाश्रममां पाटलिपुत्रना नन्द-राजाना मन्त्री शकटालना पुत्र हता. पाटलिपुत्रनी कोशा नामनी एक प्रसिद्ध गणिकाना प्रेममां पडीने एओ एना घरमां बार वर्ष सुधी रह्या हता. पिताना मृत्यु पछी राज्य-खटपट जोईने एमने संसार उपर वैराग्य थयो अने एमणे तुरत ज संभूतिविजय गुरु पासे जईने दीक्षा लीधी. दीक्षा लीधा पछी एमना वैराग्यनी कसोटी करवा गुरुए एमने पहेलो

२९. लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामन्दिर, अमदावाद–ह. प्र. नं. १६६९
३०. अप्रसिद्ध. ३१. 'जैन गूर्जर कविओ'–भाग १

चातुर्मास कोशाने घेर गाळवानो आदेश आप्यो. पोताना प्रेमीने पाछो आवतो जोईने कोशाने आनन्द थयो, एने चळाववा एणे खूब प्रयत्न कर्या, परन्तु स्थूलिभद्रे तो हवे काम उपर विजय मेळव्यो हतो. कोशाना बधा प्रयत्नो सामे अडग रही, नियत समय सुधी एना घरमां रही, एने प्रतिबोध पमाडी, एओ गुरु पासे आव्या. आ रसिक प्रसंग-ने आ काव्यमां गूंथवामां आव्यो छे. आखुंये काव्य शब्दलालित्यथी भरपूर छे. एमांनी वर्णसगाई, अंतर्यमक तथा प्रासनी तेमज अगाउनी कडीनी छेल्ली लीटीना शब्दने पछीनी कडीनी शरूआतमां सांकळी लेवानी योजना कविनुं छंदप्रभुत्व अने भाषाप्रभुत्व दर्शावे छे. कविनी आ प्रकारनी वर्णन करवानी अने रस जमाववानी शक्ति काव्यमां स्थळे स्थळे देखाय छे.

स्थूलिभद्रने चळाववा माटे शणगार सजी कोशा प्रयत्न करे छे एनुं वर्णन सरस छे :

> 'कवि कहइ केती—परि जेती, लहइ कोशा कामिनी,
> पहिरंति चरणा चीर चोली भावभोली भामिनी;
> कर चूडि खलके, नेउर रणके, पाय घमके घूघरी,
> झब झालि झबके झूमणां ने खींटली खलके खरी.
>
> भोलाववा रे भाव भला देखाडती,
> मरकलडइ रे मानवनां मन पाडती;
> प्रीय—पाए रे लाडे सीस लगाडती,
> वर वेणा रे वंस विशेष वजाडती.
>
> वर वेणा वाइ, गीत गाइ, भेर भूंगल वज्जए;
> दोंदीं कि सद्दइ, निवल मद्दइ, वंश-सद्दे वज्जए;
> चचपट्ट चूपट, ताल मेलति, करति अलवि थिनगनि,
> धिधिकटि परगटि, पाय पाडि, पाय परतइं पदमिनी.[३२]

कोशाना प्रयत्न निष्फळ जाय छे. स्थूलिभद्रनो उपदेश एना अन्तरमां खूंपी जाय छे. एनुं वर्णन पण सचोट छे :

> ' ए तो तृषा रे, सायर परितृप्ति नहीं;
> ए तो जीवीय रे, संध्या—राग जिस्युं लही;

३२-३३. 'गुजराती साहित्यनां स्वरूपो'—डॉ. मंजुलाल र. मजमूदार

सुणि सुन्दरि रे, जोव्वण जलबुदबुद समो,
इम जाणि रे, आलि कहो किम नींगमो ?
किम नींगमुं दिन आलिं माटे, एणि वाटे जग जयों;
रसभोग केरां, अति भलेरां, भोगवि थिर कुण रह्यो ?
संसार पडीयो, विषय नडीयो, जीव जो चेते नहीं,
आवीओ ठालो, गयो भूलो, धरम विण नर भव वही.'[३३]

४. नवपल्लवपार्श्वनाथ–स्तवन

कविए वि. सं. १५५८मां नवपल्लवपार्श्वनाथनी यात्रा करी हती ते प्रसंगे आ काव्य रचायेलुं छे :

'संवत पन्नर अट्ठावन्नि रे, चैत्र वदि चउसाल,
ए तु मुनि लावण्यसमय नवपल्लव कीधी जात्र रसाल.'[३४]

आ नानकडा काव्यमां जैनोना त्रेवीसमा तीर्थंकर पार्श्वनाथनुं स्तवन छे. कविनो भक्तिभाव एमां ऊभराय छे.

५. आलोयण विनति

करेलां पापोनी आलोचना जैनोना प्रथम तीर्थंकर आदीश्वर समक्ष एमां करवामां आवी छे. एमां ५७ कडी छे. एनी रचना वि. सं. १५६२मां वामजनगरमां थयेली छे. :

'संवत पंनर बासठइ आदीसर रे अलवेसर साषि तु,
वामज माहे वीनवइ सीमंधर रे देव दरिषण दाषि तु.'[३५] ५४

एमां कविनी झळहळती साधुता अने ऊभराई जतो भक्तिभाव मालूम पडी आवे छे.[३६]

६. नेमनाथ हमचडी

आ कृतिनो रचनासमय वि. सं. १५६२ छे :

'संवत पनर बासठे रे गायु नेमिकुमारो,
मुनि लावण्यसमय इम बोलइ, वरतिउ जयजयकारो'.[३७]

पण केटलीक हस्तप्रतमां रचनासमय वि. सं. १५६४ छे :

'संवत पनर चउसठइ रे गाया नेमिकुमारो,
मुनि लावण्यसमइ इम बोलइ, वरतिउ जयजयकारो'.[३८]

---

३४. 'ऐतिहासिक राससंग्रह' भाग २; ला.द.भा.सं.मंदिर–ह. प्र. नं. ६९९५. आ काव्य अप्रसिद्ध छे.
३५. 'जैन गूर्जर कविओ'–भाग १; ला.द.भा.सं.मंदिर–ह. प्र. नं. ३३५१
३६. 'नरसिंहयुगना कवियो.' आ काव्य अप्रसिद्ध छे.
३७. 'जैन गूर्जर कविओ'–भाग १.
३८. ला. द. भा. सं. मंदिर–ह. प्र. नं. ६२११. आ काव्य अप्रसिद्ध छे.

एना बे अधिकार(विभाग)मां मळीने ८४ कडीओ छे. केटलीक हस्त-प्रतोमां ८३ के ८५ कडी पण छे.

यादव राजा समुद्रविजय अने एमनी पत्नी शिवादेवीना पुत्र, जैनोना बावीसमा तीर्थंकर नेमिनाथ लग्न करवा इच्छता नहोता, पण एमना काकाना दीकरा तथा वयमां एमनाथी मोटा श्रीकृष्णनी पत्नीओए एमने वसंतखेल करीने मांड लग्न करवा माटे मनाव्या. राजा उग्रसेननी रूपवती पुत्री राजिमती किंवा राजुल साथे एमनुं लग्न नक्की करवामां आव्युं; पण नेमिनाथनी जान लग्नमंडप पासे आवी त्यारे जानैयाओना जमण माटे एकत्र करवामां आवेलां अनेक पशुओने एमणे जोयां. आ रीते थनार हिंसानी कल्पना आवतां नेमिनाथने वैराग्य उत्पन्न थयो अने लग्न कर्या विना ज, वलवलती राजिमतीने मूकीने एओ पाछा फर्या. मांडवेथी पाछा फर्या बाद गिरनार पर जई तप द्वारा एमणे मुक्ति प्राप्त करी अने राजिमतीए पण नेमिनाथनी पाछळ जई आत्मसाधना द्वारा ज्ञान प्राप्त कर्युं. आ प्रसंगनुं अनेक जैन कविओए उमळकाथी वर्णन कर्युं छे. लावण्यसमये पण एनुं रसिक वर्णन कर्युं छे. आखी कृति शब्दलालित्यथी भरपूर छे अने एमां सरस शब्दचित्रोनुं सर्जन थयुं छे. कविनुं छन्दप्रभुत्व अने समाजदर्शन पण एमां देखाई आवे छे. 'रंभा रूपि कलंकी,' 'अधर सुवि द्रुम चोला,' 'मयणची वाटडी,' 'करण जिस्या हींडोला' जेवी पंक्तिओमां कविनी मौलिक ने मनोहर अलंकार योजवानी शक्ति ध्यान खेंचे एवी छे. वसंतखेल करती गोपीओनुं वर्णन कवि आ प्रमाणे करे छे :

'सोल सहस अन्तेउरी श्रीपति सवि बोलावी,
करि अद्भुत शिणगारडु रे गोपी गोरडी आवी. १६
कसका चरणा चोलमजीठी, कसका घुग्घरीआला,
कसके छायलि छ्यलि सु छलीआ, कसका चरणा काला. १७
कसके पहिरणि पीत पटुली, कसके राता रंगा,
कसके पहिरणि सेत शिणगारा, कसके चीर सुचंगा. १८
कसके उर-वरि नवसर हारा, झालि तणा झबकारा,
रंगि रूडाला सोविन चूडला, पाए झांझर झमकारा. १९
काला कांचू कमल-स-कूंअला कसका यज लापीणा,
माणक मोती चूडल वइठा कसका कमपा झीणा. २०
पीण पयोहर अमीय घडुला, अधर सुवि द्रुम चोला,
दंतावली दाडिमकुली रे मुखि ताजा तंबोला. २१

निरमल नाशा सरल तीपाली, भुमहि भुअंगम–काली,
आंजी दो आंषडी, मस्तकि रापडी, वेणि सूं फूंमतीआली. २२

षरी सूं षीटली, हाथि वीटली, हरिषी हरिणालंकी,
जंघा जुअली कदलीथंभा, रंभा रूपि कलंकी. २३

तपइ सूं त्रोटडी कांने मोटडी, कोटडी कोडि सिंगारू,
उढणि घाटडी रंगची माटडी, मयणची वाटडी वारू. २४

पीयलि पनुती कुंकुमलोला सहजि सुरंगा रोला,
पाये पाडगलां, कंचिणि कडलां, करण जिस्या हींडोला. २५

शिरि सइंथा सींदूरीआ रि, सोनानां मादलीआं,
अवलासवला बहिरषा रे बाहूंडली विहूं वलीआं. २६

नलवटि चन्द सु चहुटीउ रे, काने नाग वलाया,
पाये लगाड्या वींछीआ रे सुरपति सेव मनाया. २७

कसके हाथि कमलचा नाला, कसके चंपकमाला,
कसके करि छइ चंदन–सीपा, कसके काला वाला. २८

हंसलागमणी चंदलावयणी मृगलानयणी नारी,
रमिझमि नेउरी अमर अन्तेउरी गोपी सवि सिणगारी.[३९] २९

राजिमतीना विरहनुं वर्णन पण हृदयस्पर्शी छे :

'देइ दान चडिउ गिरिनारी, झूरइ राजलि नारी. ६७

कंकण फोडइ हइडुं मोडइ, त्रोडइ नवसर हारो,
धिणि धिणि लोडइ, बि कर जोडइ, जंपइं नेमिकुमारो. ६८

आघीपाछी थाइ माछी जव जल देपइ थ्योडुं,
'सामलीआ, कां वलीआ वेगिं ? नवभव–नेह म छोडु.' ६९

वाटइ लोटइं, ऊभी उटइ नेमिकुमरनइं कोडे,
सूनइ हीइडइ साद करइ रे रही रही ऊभी टोडइ: ७०

'चंद्रा विण सी चांद्रणी रे ? पासा विण सी सारि ?
मयगल वण सी हाथिणी रे ? प्रीयडा विण सी नारि रे ? ७१

३९. ला. द. भा. सं. मंदिर–ह. प्र. नं. ६२११. त्रण पत्रनी आ हस्तप्रतनो लख्यासंवत १६३५ छे.

हंस विहूणी हांसली रे? मांडवडा विण वेल्यो?
कंत विहूणी गोरडी रे किसिउं करेसि गेलो रे? ७२
कइ मइं मोडया कर कसा रे? कइ मइं मोल्या मरमो?
कइ मइं साडी झाटकी रे? कीधां कूडां करमो? ७३
कइ मइं रषि संतापीआ रे? माय विछोहिआं वालो?
कइ मइं रतन विणासीआं रे? दीधां अजुगतां आलो? ७४
कइ मइं द्रह फोडावीआ रे? कइ मइ परधन लीधां?
कइ मइं काम को हीणा कीधा? अणगल पाणी पीधां? ७५
कइ संथारा ऊलटिआ रे? सरोवर फोडी पालो?
सील पालिआं सां चिलां रे? मोडी तरुअर–डालो? ७६
सहिगुरु–गुरुणी नवि संतोष्या? सातइ षेत्र न पोष्यां?
संपतिसा सूं दान न दीधां? थांपिणि–मोसा कीधा?' ७७
अडवडती पडती आषडती चडती गढ गिरिनारी,
नेमि जिणेसर नयणे देषी रंजी राजलि नारी रे.[४०] ७८

७. सेरीसापार्श्वनाथ–स्तवन

कविए वि. सं. १५६२मां शेरीसानी यात्रा करी जणाय छे. ए प्रसंगे रचायेली पंदर कडीनी आ कृति छे :

'संवत पन्नर बासठ्ठि प्रसाद सेरीसा तणो,
लावण्यसमें इम आदि बोलें नमो नमो त्रिभुवनधणी'.[४१]

एमां जैनोना त्रवीसमा तीर्थंकर पार्श्वनाथनी स्तुति छे. काव्य छन्दोबद्ध अने शब्दलालित्यथी भरेलुं छे.[४२]

८. रावणमन्दोदरीसंवाद

सीतानुं हरण करीने रावण एने लंका लई गयो, त्यारपछी मंदोदरी अने रावण वच्चे थयेल काल्पनिक संवाद आ काव्यमां छे. ६३ कडीनुं आ नानुं काव्य रसभर्युं छे. संवादनी शरूआत कवि मंदोदरी पासे, जाणे सूतेला सिंहने जगाव्यो होय ए रीते, वेगथी करावे छे :

'सूतेलो सींह जगावीउ, नडीओ वासग नाग रे,
सीत हरी तिं स्युं कर्युं, रूठा रामना पाग रे. १

४० ला. द. भा. सं. मंदिर–ह. प्र. नं. ६२११ ४१. 'जैन गूर्जर कविओ'–भाग १.
४२. 'नरसिंहयुगना कविओ.' आ काव्य अप्रसिद्ध छे.

सांभलि रावण राजीया, जासे महियलि माम रे;

सती सीता तइं कां हरी, विरी वंकडो राम रे.' २

एनी रचना वि. सं. १५६२मां थई छे :

'संवत पंनर वासठि रच्यो रास संवाद रे.'[४३] ५९

९. वैराग्य विनति

जैनोना प्रथम तीर्थंकर आदीश्वरनी आ प्रार्थना छे. 'आदिनाथ विनति' ने नामे पण ए मळे छे. एनी रचना वि. सं. १५६२ना आसो सुदि १० ना रोज थई छे :

'पंनर वासठइ आदिजिन तुठइ, करी वीनती ऊलटि घणइए,

आसो मसवाडइ दसमीं दिहाडइ, मुनि लावण्यसमइ भणइ ए.'[४४] ४७

४७ कडीनी आ कृतिमां कविनुं छन्द अने प्रास उपरनुं प्रभुत्व जणाई आवे छे.

१०. सुरप्रियकेवली रास

जैनोना चोवीसमा तीर्थंकर महावीरना शिष्य श्रेणिकना समयमां थई गयेला सुरप्रिय नामना जैन संतनुं चरित्र आ काव्यमां छे. एनी रचना खंभातमां थयेली छे ने एनो रचनासमय वि. सं. १५६७ ना आसो सुदि ६ ने रविवार छे :

'संवत पंनर सत(ड)सठइ आसो सुदि रविवार,

रचिउं चरित्र सोहामणुं त्रंबावति मझारि.'[४५]

आ रासमां २०१ कडीओ छे.

११. विमलप्रबंध

कविनी आ एक सुदीर्घ अने श्रेष्ठ कृति छे. एनी रचना पाटण पासे आवेला मालसमुद्रमां वि. सं. १५६८ मां थई छे :[४६]

'संवत पंनर अठसठइ वड्ड रास विस्तार,

ते प्रमांणि पूरुं चडिउं मालसमुद्र मझारि.'

कविए एने 'रास' अने 'प्रबंध' एम बंने नामे ओळखाव्यो छे. ए नव खंड अने एक चूलिकामां वहेंचायेलो छे. कविए गणाव्या मुजब एमां १३५६ कडीओ छे ने मुख्यत्वे चोपाई तेमज दुहा, वस्तु, कवित छन्द अने जुदा जुदा ढाळोनो उपयोग करेलो छे.

---

४३. 'जैन गूर्जर कविओ'–भाग १ आ काव्य हजु अप्रसिद्ध छे.

४४. 'जैन गूर्जर कविओ'- भाग १. आ कृति हजु अप्रसिद्ध छे. ४५. 'जैन गूर्जर कविओ'–भाग १. ऐतिहासिक राससंग्रह'–भाग १. आ रास हजु अप्रसिद्ध छे. ४६. एनां बे संपादन आपणे त्यां प्रकट थयां छे : (१) 'विमलप्रबंध' (सं. मणिलाल ब. व्यास) अने (२) 'विमलप्रबंधः एक अध्ययन (डॉ. धीरजलाल ध. शाह)

पाटणना पहेला भीमदेव सोलंकीना वीर, मुत्सद्दी अने कलाप्रेमी मन्त्री विमलशानुं चरित्र एमां विस्तारथी आलेखवामां आव्युं छे. प्रथम त्रण खंडमां विमलना पूर्वजो, एमनां पराक्रमो तथा श्रीमाळी ओसवाळ अने पोरवाड वणिकोनी उत्पत्तिनुं वर्णन करवामां आव्युं छे. चोथा खंडमां विमलना जन्म, बाळपण अने विद्याभ्यासनुं तेमज पांचमा खंडमां श्रीदेवी साथे एना लग्ननुं वर्णन करवामां आव्युं छे. छठ्ठा खंडमां विमले पाटणना राजा भीमदेवने पोतानी बाणविद्याथी प्रसन्न करी दंडनायकनी पदवी प्राप्त कर्यानुं, तेमज दुश्मनोनी कानभंभेरणीथी भीमदेवे विमलनुं कासळ काढवा करेली युक्तिओ अने एमां विमले मेळवेल विजयनुं वर्णन करवामां आव्युं छे. सातमा खंडमां पाटण छोडी विमले चन्द्रावतीनगरीनुं राज्य मेळवी, त्यां स्थिर थई, रोमनगरना सुलतान पर विजय मेळव्यानुं, तथा आठमा खंडमां विमले ठठ्ठानगरना राजाने हरावी गुर्जरनरेश भीमदेवनी भेट मेळव्यानुं अने चन्द्रावतीने नवेसरथी वसाव्यानुं वर्णन छे. छेल्ला नवमा खंडमां विमले मुश्केलीओनो सामनो करी आबु उपर 'विमलवसही'नां प्रख्यात देरासर बंधाव्यानी विगत छे.

आम, विमलनुं समग्र चरित्र आ प्रबंधमां आलेखवामां आव्युं छे, पण "जैन कविओए लखेलां अन्य जीवनचरित्रोनी जेम सांप्रदायिक अने धार्मिक वर्णनोथी ते मुक्त नथी. आबु पर्वत उपर बंधावेलां जगप्रसिद्ध 'विमलवसही'नां मन्दिरोने कारणे विमळ जैनोमां आदरणीय अने अनुकरणीय व्यक्ति तरीके प्रशंसायेल छे; आजे पण प्रशंसा पामे छे. आथी एना प्रत्येक कार्यमां लावण्यसमयने अद्‌भुतता जोवा मळे अथवा आ इष्ट व्यक्ति विशे एवां एनां कार्योनो उल्लेख थाय जेनाथी जैन धर्मनी प्रतिष्ठा वधे, ए आ चरितना आलेखन पाछळनी कविनी दृष्टि छे....आथी 'विमलप्रबंध'ना सुदीर्घ विस्तारमां कथाओ, वर्णनो, धार्मिक उत्सवो, लांबा उपदेशो वगेरे विशेषपणे जोवा मळे छे—इतिहासतत्त्व ओछुं."[४७]

आ रीते जैन धर्मनो प्रताप वधारवानो कविनो उद्देश होई, आ प्रबंध सांप्रदायिकताथी रंगायेलो छे. एम छतां तक मळतां कविए एमां अढार वर्ण, विद्याभ्यासनी पद्धति, सामुद्रिक लक्षणो, लग्नना रीतरिवाज, भोजन, कलियुगनां लक्षणो, अस्त्रशस्त्र, अश्वप्रकार, स्त्रीनी चोसठ कला, शुकन—अपशुकन, नगररचना, रागरागणी, जुदा जुदा देश, भाषाना भेद इत्यादि विशे सारी माहिती पीरसी छे. तत्कालीन समाजजीवनना अध्ययन माटे ए उपयोगी सामग्री पूरी पाडे छे, पण एनुं य प्रमाण एटलुं मोटुं छे के तेथी वस्तुनो प्रवाह शिथिल लागे छे अने रसक्षति थाय छे. तेथी ज तो

४७. 'विमलप्रबन्ध—एक अध्ययन'—डॉ. धीरजलाल ध. शाह

आपणा एक सुप्रसिद्ध विवेचके कह्युं छे: "इतिहास अने कविता लेखे आ प्रबंधनुं मूल्य एटलुं नथी, जेटलुं ए युगनी समाजस्थिति अने लोकाचार पर परोक्ष प्रकाश पाडनार कृति तरीके छे." [४८]

आम छतां गुणपक्षे आ कृतिमां घणुं छे. लावण्यसमयनी आवी शक्तिमां एमनी वर्णनशक्ति खास ध्यान खेंचे छे. श्री. कनैयालाल मुनशी आ शक्तिने बिरदावतां कहे छे: "कविनी वर्णन करवानी शक्ति ऊंचा प्रकारनी छे. वर्णननो विषय गमे तेटलो शुष्क होय पण ए एवी छटाथी वर्णन करे छे के वांचवानुं अधूरुं मूकीने ऊठवानुं मन न थाय." [४९]

विमलना जन्म वखते कलियुग हतो. कलियुगनां माणसोनां स्वभावचित्रो कवि सरस आलेखे छे. उच्छृंखल स्त्री एना पतिने कहे छे:

'छोरू घरि कूंआरा सात, कहिनु तात नि कहिनी मात,
रलइ तूंह निते घर भरइ, ते खाइ सहू ठालं करइ. १०
आपण बे जण केरु वहु, मांनु बोल अम्हारु खरु,
मायबापथी थाउ जूआ, धन मेलीनि भरीइ कूआ. ११
रातिदिवस रलशूं घर भणी, किशी वात मावित्रह तणी,
राछपीछ मझ पीहर तणां, आणा घर भरेशूं घणां.' १२
(खंड ३)

वहुनुं मानीने छोकरो जुदो रहे छे. मावाप विचारे छे:

'जोज्यो कलयुग करणी इशां, मायबापि दुष सहीआं किशां. १६
देवदेवाडे मांन्या भोग, मायताय मिलया संयोग. १७
दस मसवाडा दोहिलु धरिउ, जणिउ पुत्र नि पोढउ करिउ. १८
मायतात तव हरषिइं भरियां, धन वेची घर ठालां करियां,
जोज्यो ते वेटानां हेज, मायबाप विहु अलगी शेज. २१
वेटानां धोयां मलमूत्र, जांणिउं राषेशि घरसूत्र, २२
मस्तकि टोपी मदफूवणी, करि कडली ते फइअर तणी. २३

४८. 'गुजराती साहित्य' (भाग पहेलो)–श्री. अनन्तराय म. रावळ
४९. 'नरसिंहयुगना कविओ.'

मोटां मादलीआं वांकडी, माय तणि मांनि मोजडी,
अलजइआं आण्यां अंगलां, काने कनक तणां वेटलां. २४

पाये घूघरडी घमघमइ, बाळअडु ते अंगणि रमइ,
साहामूं जोइ करती कांम, माडी हैअडि धरती हांम. २५

करइ कांम हालरडां गाइ, माता हैअडि हर्ष न माइ,
पोढउ थातु पगलां भरइ, पंच वरस जव वुल्यां परइ.' २५

(खंड ३)

पछी एने भणाव्यो, परणाव्यो, त्यारे छेवटे

'आज अम्हारू वडपण इशूं, बेटइ ए ते वोलिउं किशउ,
बलतइ बोलइ साहामु धशउ, ॰ बेटउ अनेपिइं वशउं. ४१
वहूअरना तव माग्या पडचा, मनवंछित मनोरथ फल्या. ४२

(खंड ३)

आवां प्रसंगचित्र अने स्वभावचित्र साथे कवि कलियुगनी लोकस्थितिनां चित्रो पण वेगथी सर्जे छे :

'जोउ कलियुग केरु अपाय, लोभिइ वाधइ रंकह राय. ७७
यौवन माटइ मोडइ अंग, परनारीशूं झाझा रंग,
घरघरणीशूं नावि घाटि, करइ वेठि नर फोकट माटि. ७८

मनि मिल नितु करइ सनांन, वधइ जीव नि आपि दांन,
धन ऊधारि करणि करइ, विण आलइ रणिउ थै मरइ. ७९

जे जाणइ जे माहारु मित्र. जाते दिनि ते थाइ शत्र. ८१

वसुधां हशि घणा विषवाद, सागर मेल्हेशि मर्याद. ८३
को कहिनइ नवि मांनइ गणइ, सहू चालइ छंदिइ आपणइ. ८५

विनय गयु वाधिउं अभिमांन, लखपरिं लोभिइं मांडइ कांन. ८६
हाट घाट ते मांड्यां जाल, करइ कूड ते नान्हां बाल,
मोटां नगर गयां ते घठी, रा लोभी कर मागइ हठी.' ८७

(खंड ३)

लग्नोत्सुक श्रीदेवीनुं कर्णमधुर शब्दोमां करवामां आवेलुं वर्णन पण नोंधपात्र छे :

'कूंअरि अंग करइ मांजगउं, सिंगारी सोहावी घणूं,
पहिलं आंज्यां आछां नेत्र, पटउलं पहिरइ पानेत्र. ८५
लंब वीणि लहकि गोफिणउ, रूअडू रंग रापडी तणउ,
मने रंगिइं माता पूरिउ, शरि सहिथउ ते सिंदूरिउ. ८६
नीलवटि टीली ग्युतपति घणी, झालि झबूकि सोना तणी,
मादलीयां वलीयां वेढलां, कंचू कसण कसि ते भलां. ८७
करि चूडी कंकण खलकती, शरि बावनचन्दन बहिकती,
रिमिझिमि पयल करि झांझरां, जांणे मयण तणां पांजरां. ८८
मुष जोइ आरिसा मांहि, वींजणडे वीजावि वाइ,
सहीयर सहीयर सरसी मिलइ, टोलइ टोडर घालि गलइ. ८९
उढी घूघरीआली घाट, वेगि' जोइ वरनी वाट.' ९०

(खंड ४)

नगरठट्टाना राजा सामे विमले करेला युद्धनुं जुस्सादार ने झडझमकथी भरपूर भाषामां करेलुं वेगभर्युं वर्णन आ बधां वर्णनोमां जुदी ज भात पाडे छे :

' झूझाला झूझइ वीर वडा, रणि रोसि भर्या भय भीम भडा. ४४
नव खंड अखंड ति षंड करइ, भड पेले षांडे षंति धरइ. ४६
घण गोला गोफिणि फार फिरइ, रणसागरि रूंध्या वीर तरइ,
सिरि वाजि गुरज ते सुरज समी, पल खूंटते खूंट ते जाइ नमी. ४७
मदभींभल गज गर्जित भमइ, असवार रसि समरि रमइ,
दंतूसलि मूंसलि सूंढि मुडइ, भड चंप्या कंप्या पुहवि पडइ. ४९
तप तपता तपता प्रगट पडच्या, करि काती राती के विकटा,
भडतां भडतां लटकंति ढल्या, जण जांणे झूंबि वृक्ष वटा. ५०
घण घूम्या दूम्या घाय वडि, भयभीता जीता रानि रडइ,
गयणे उडंती अंगि अडि, समली जमली जम लीजत पडइ. ५१
सुर किंनर कोटी लोक लषा, रण जोई होइ पंच पषा,
कट कट्टरि कट्ट विकट्ट कटा, गढ कूटी कीधा लोटवटा. ५२
हय वाल्या ढाल्या वीर तपइ, रणझालि फालि टोप टपइ,
दवि पक्खर पक्खर पंष षिरइ, तिम सक्खर सक्खर लक्ख वरइ. ५३

हंव हव हव हवडी हाक पडइ, झव झव झव वीज षडग्ग विढइ,
धव धव धव धींगड धीर धसइ, कमकमता कायर षेटि षिसइ. ५४
रण रण रणकाहल रणकी चलइ, डम डम डम डमरू डमकी चलइ,
ढम ढ़म ढम ढोल ढमक्की चलइ, चम चम चम चंग चमक्की चलइ. ५५
भड भीषण रीषण रूपि थया, बालापण आपणा आज भया,
जण धूजी मूंजी मांहि मिल्या, धरणीधर धोरी धुरि ढल्या. ५६
भड उट्ठी अंगोअंगि इशु, तड तड तड त्रूटइ कसण कसु,
सीह अग्गलि जंबूक जीव यशु, विमलग्गलि पंडीउ राउ तिशु. ५७
तर तर तरडी दृष्टि करी, मुहि मरडी मांणइ मूछि भरी,
कड कड कड करडी दंतकुली, भड धायु पंडी पुट्ठि वली. ५८
रणघंघल मंगल तूर रवा, नफ्फेरी भेरी नाद नवा,
जगि विमलमंत्रि जयलच्छि वरइ, वंदीजन जयजयकार करइ.' ६१
(खंड ८)

आ दरेक स्थाने कवि छन्द उपर प्रभुत्व दर्शावे छे. सर्वत्र योग्य शब्द कृत्रिमता वगर पद्यमां गोठवाई जाय छे. प्रसंगोपात्त भाषामां माधुर्य अने ओजस सर्जाय छे.

झडझमक उपरांत अलंकारोनो पण बहोळो उपयोग कवि करे छे. एने लीधे यादी जेवां वर्णनो रसिक थई पडे छे. ए रीते कन्या श्रीदेवीनां सामुद्रिक लक्षणोनुं वर्णन जोवा जेवुं छे :

'चंदवदनि चंपक वर्नी, निर्मल हृदय विशाल,
रामा राता अधर जस, संपत्ति सुख्ख रसाल. ३
मृगनयणी मृगकंधरी, मृगपेटी सुकुमाल,
हंसगमणि सा सुन्दरी, भूपतिनि घरि भालि. ७
कृष्ण सरीखी सांमली, गोरी चंपक वांनि,
अंग वदन कर कोमलां, झीलइ रंग निधांन. १०
कनक कमल पहि पिंगली, देहकंति झलकंति,
मणिमांणिकसोवन तणां घर आभरण लहंति. ११
सत्थल कदलीथंभ जस, करचरणे नहीं रोम,
विपुल गुह्य मणि गूढ जस नीलवंटि लद्धउ सोम.' १५
(खंड ५)

रोसनगर पर विमले चडाई करी ते वखते एनी सेनाना हाथीओनुं वर्णन पण आ प्रकारनुं छे :

' अंगि रंगि रूडा चित्रांम, के मयगल जयमंगल नाम,
फूंकफोड के सांकलत्रोड, के विषछोड महामदमोड. ४८
पर्वतढोल धरणिधंधोल, परदलबोल कि विरीरोल,
एकताल के दुर्जनसाल, के विषकाल चमरखंबाल. ४९
गढगंजण भंजण वड ठांम, सिंघलीयाला साचा नाम,
वाट मयगल मदकल्लोल, चिहु पाशे चालि चकडोल.' ५०
(खंड ७)

क्यारेक तो वर्णनने तादृश बनाववा कवि उपराउपरी अलंकारो प्रयोजे छे. भीमदेवनी सभानुं वर्णन एनुं सुन्दर उदाहरण छे :

' तां चंदा नि तां चांद्रिणी, दीपइ दीप–झलामल घणी,
तारा तेज तणां तां पूर, जं नवि ऊगइ अम्बरि सूर, ४१
सोहि सभा मद्धि सुरि घणी, विसहर विकट शेष जिम फणी,
तरुअरि कल्पवृक्ष ज्यम सीम, मणिमांहिइं चिंतामणि जिम, ४२
भूपति मांहि रह्या ज्यम रांम, रूपवंत शरि सोहि कांम,
दातारिइं अवतरिउ कर्ण, उपइ सकल सभा आभर्ण; ४३
साहसि सूरु विक्रम वीर, मेरु सरीषु महीअलि धीर,
न खमि तेज भीम ते भयु, मझ मत्था ऊपहरु थयु. ४४
सभा सरोवर सोहइ कमल, भीम हशी बोलावि विमल.' ४५
(खंड ६)

कविना मोटा भागना अलंकारो रूढ छे, छतां एमां कोई कोई वार मौलिकता अने प्रतिभाना चमकारा देखाय छे. उ. त., भीमदेवे विमलती समृद्धि जोइ त्यारे

' जव दीठउं घरनूं वारणउं, स्वर्गविमांन करिउं पारणउं.' (६–४९)

श्रीदेवीना झांझर माटेनी उत्प्रेक्षा पण चमकृतिभरी छे :

' रिमिझिमि पयल करि झांझरां, जांणे मयणतणां पांजरां.' (५–८८)

भीमनी सभामां बेठेला विमल माटेनी उपमा पण मनोहर छे :

'सभासरोवर सोहइ कमल, भीम हशी बोलावि विमल.' (६–४५)

आ दीर्घ काव्यमां कवि प्रसंगवशात् अर्थान्तरन्यास–सामान्य विधान अने कहेवतो पण प्रयोजे छे. उ. त.,

अर्थान्तरन्यासः—

'रहि रानि मृगला तृण चरइ, माछी नीर विणासि करि,
सज्जन सुखिइं रहि घर मांहि, त्रिहु निकारणि विरी थाइ.' (६–३५)

'धन विण माणसनु मद टलइ, धन विण मोटाइ सवि गलइ,
धन विण कोइ न मांनि बोल, धन विण थाशि रंक निरोल,
धन लीधूं तु लीधा प्राण, नीर वीइणउं जसूं निवांण.' (खंड ७)

कहेवतोः—

बाइनां फूल वाइनइ चडइ. (१–८८)
मागण मरण समाणउ जोइ. (२–९)
अणतेडिउ जे परघरि जाइ,
मान महुत नवि पामइ राय. (२–११)
गाजवीज घण थोडा मेह. (३–६३)
गुलइ मरइ जे मानवी, तेह विस दीजइ कीम. (६–३६)

आमांनी केटलीक कहेवतो अत्यारे पण प्रचलित छे.

आ वधी वस्तुओने परिणामे डॉ. धीरजलाल शाहे कह्युं छे तेम, काव्यनो विशाळ पट अनेक चांदरणांथी आकाश दीपी ऊठे तेम दोपी ऊठे छे.[५०] लांवी मुसाफरी पण मार्गमां आवती अनेक हरियाळीओथी आनन्दजनक थई पडे छे, तेम आ वधां तत्त्वोने लीधे आ सुदीर्घ कृति रसिक नीवडे छे. 'विमलप्रबन्ध' रचाया पछी दश वर्षे, वि. सं. १५७८ मां सामा पक्षना गच्छपति सौभाग्यनन्दीसूरिए एनुं संस्कृतमां भाषान्तर कर्युं हतुं अने कविना काळ पछी ७०–८० वर्षे कोई गृहस्थे एनी संख्याबन्ध नकलो करावी ए वखतना बधा भंडारोमां मोकली आपी हती, ए हकीकत आ कृतिनो प्रभाव ए जमानामां केटलो बधो हतो एनो पुरावो छे.

१२. करसंवाद

जैनोना प्रथम तीर्थङ्कर ऋषभदेव वरसी तपना पारणे श्रेयांसकुमारने त्यां पधारे छे. श्रेयांसकुमार पोते ऋषभदेवने वहोरावे छे. आ प्रसंगे श्रेयांसकुमारना जमणा अने डाबा हाथ वच्चे थतो कल्पित विवाद आ कृतिमां आपवामां आव्यो छे. बन्ने हाथ पोतपोतानी महत्ता बतावबा दलीलो करे छे.[५१]

---

५०. 'विमल प्रबन्ध–एक अध्ययन'

५१. ला. द. भा. सं. विद्यामन्दिर–ह. प्र. नं. ६१४७. आ काव्य हजु अप्रसिद्ध छे.

जमणो हाथ कहे छे के जोशी मारामां पडेली रेखाओ जोईने विद्या, धन अने आयुष्यनुं प्रमाण कहे छे. त्यारे डावो हाथ कहे छे :

> ‘ कहइ डावु, जोसी सवि लहइ, ते लक्षण अपलक्षण कहइ,
> आप वषाणइ ऊछांछलु, ते माणस नही भारझलु’. ३९

आगळ जतां जमणो हाथ दलील करे छे :

> ‘ दक्षण मारगि विसइ पंति, दक्षण कर प्रीसइ एकंति,
> दक्षण कर सवि लहइ दक्षणा, कहइ दक्षण कर अम्ह गुण घणा.’ ४०

त्यारे डावो हाथ जवाब आपे छे :

> ‘दक्षण दिसिथी डावु मेर, दक्षण डावी वाजइ भेर,
> दक्षण डावी पांति इ रहइ, कहइ डावु, पराभव कां सहइ.’ ४१

आ रीते बन्ने हाथ केटला उपयोगी छे ए दर्शाववामां आव्युं छे. एमां कविना विनोद अने चातुर्यनो परिचय मळे छे.

मध्यकालीन गुजराती साहित्यमां आ प्रकारनां केटलांक कल्पित संवादकाव्यो छे तेमां आ काव्य महत्त्वनुं स्थान प्राप्त करे एवुं छे. नयसुन्दरे वि. सं. १६६५ मां अने समयसुन्दरे वि. सं. १६७३ मां ‘नलदवदन्ती रास’ लखेल छे तेमां दवदन्तीनो त्याग करतां वखते नळ वस्त्र चीरवानो विचार करे छे त्यारे एवुं पापकर्म न करवा माटे एना डाबा अने जमणा हाथ वच्चे संवाद योजवामां आव्यो छे, एनी पण ए याद आपी जाय छे.

२९ कडीनुं आ काव्य शांतिज(सातो)नगरमां वि. सं. १५७५मां रचायुं छे :

> ‘ जिहां पोढां जिणहर पोसाल, वसइ लोक दीपता दयाल,
> शांतिज(सातो)नगर मंडि सुविशाल, गायु करसंवाद रसाल. ६८
> संवत पनर पंचहुत्तरइ, मुनि लावण्यसमय उच्चरइ.’[५२] ६९

१३. अन्तरीक पार्श्वनाथ छन्द

चोपन कडीनुं आ सांप्रदायिक काव्य वि. सं. १५८५ के ८६ मां रचायुं छे :

> ‘ संवत पनर पंच्यासीया (पाठा. छयासीउ) वषांण,
> सुदि वैसाप नणो दिन जाण,
> उन्दट आगासीज थयो, गायो पास जिणेसर जयो.’[५३] ५३

---

५२. जैन गूर्जर कविओ–भा. १, ला. द. भा. सं. विद्यामन्दिर– ह. प्र. नं. ६१४७

५३. जैन गूर्जर कविओ–भाग १

कोई हस्तप्रतमां रचनासमय वि. सं. १५५० पण मळे छे :

'पन्नर पचासें वरष प्रमांण, सूद वैसाष तणो दिनमांन,
जांणि उलट आषात्रिज गयो, गायो पास जिनेश्वर जयो.'[५४] ५०

लंकानो राजा खरदूषण एक वार देरासर जवानुं भूली गयो, तेथी एने कोढ थयो, एनुं वर्णन एमां करवामां आव्युं छे. काव्य सामान्य प्रकारनुं छे.

१४. सूर्यदीप–वाद छंद

सूर्य अने दीपक पोतपोतानी महत्ता दर्शाववा विवाद करे छे ए छप्पय छन्दनी त्रीस कडीओनी आ नानी कृतिमां कविए सुन्दर रीते रजू करेल छे. एमां बन्नेनुं महत्त्व दर्शाववामां आव्यु छे :

'प्रहि ऊगमि अवतार, दीप दिनकरण भणिज्जइ,
जेह–सिउं जेहवां काम, ताम लोके बहु किज्जइ;
दीपक देइ साखि, देव देहरासरि नमीइ,
भोजन कूर कपूर, भाण–अजूआलइ जिमीइ.
लावण्यसमय कहइ भाव सुणि, जउ रहिउ तु राखु किमइ;
तप तपइ तेज दीपक तणुं, जो जाइ सूर संध्या–समइ. ११
रयणी–दीपक चंद, दिवस–दीपक जो दिणयर,
कामिणी–दीपक कंत, देस–दीपक राजेश्वर.
त्रिभुवन–दीपक दान, ज्ञान–दीपक गुरु भणीइ,
वंश–दीपक सुपुत्त, विनय–दीपक सुणीइ.
दीपक दिनकर देखि करि, अणप्रीछिइ कां तडफडु ?
लावण्यसमय कहइ, सूरथी जो दीपक--गुण दीपइ वडु.'[५५] २२

काव्यमां कविनी विनोदशक्ति झळकी ऊठे छे. उपदेशनुं तत्त्व पण एमां गूंथायेलु छे. कविनुं छन्दप्रभुत्व पणे एमां देखाई आवे छे.

आ कृति हजु अप्रसिद्ध छे. एनो रचनासमय मळतो नथी.[५६]

१५. देवराज–वच्छराज रास

आ रासनी रचना कतपुरमां थयेली छे,[५७] अने वि. सं. १५७२मां ए लखायो होवानो संभव छे :

---

५४. ला. द. भा सं. विद्यामंदिर–ह. प्र. नं. ७१५५

५५–५६ गुजराती साहित्यनां स्वरूपो–डॉ. मंजुलाल र. मजमूदार

५७ जैन गूर्जर कविओ–भाग १. आ रास 'आनन्दकाव्यमहोदधि मौक्तिक ३ (सं. जीवणचन्द साकरचन्द झवेरी, ई. स. १९१४)मा प्रगट थयेलो छे;

'पहेलो अक्षर लाभनो ए, मा० बीजो भवनो जाणी,
त्रीजो पुण्यवन्त वीजलु ए, मा० आगलि समय ठवेइ.'

सिंधु देशना चंद्रावतीनगरीना वीरसेन राजा अने एनी राणी धारिणीना बे पुत्रो देवराज अने वच्छराजमांथी मोटो पुत्र देवराज पिताना मृत्यु पछी गादीए आवतां नाना भाई वच्छराजने मारी नाखवानुं कावतरुं करे छे. ए जाणतां ज वच्छराज माता अने बहेननी साथे नासी छूटे छे अने माळवामां उज्जेणीनगरीमां सोमदत्त वणिकने त्यां रही, अद्भुत पराक्रमो करी श्रीदत्ता, रत्नावती अने कनकवती ए त्रण राजकुंवरीओने परणी, मोटा भाईने युद्धमां हरावी सिंधुदेशनुं राज्य मेळवे छे एनुं एमां छ खंडमां अने चोपाई, दुहा, गाथा तेमज वस्तु छन्दमां अने पवाडानी देशीमां विस्तारथी वर्णन करवामां आव्युं छे.

रासमां कविए प्रसंगोपात्त शृङ्गार, वीर अने अद्भुत रस जमाव्यो छे अने तक मळतां समाजचित्रो आलेख्यां छे. ए रीते खंड पहेलानुं ज्ञातिओनुं तथा खंड चोथानुं भोजनसामग्रीनुं वर्णन तत्कालीन समाजजीवन पर प्रकाश पाडे एवुं छे.

कविनी दृष्टांतकला अने समान्य विधानो योजवानी शक्तिनो पण आ रास वांचतां वारंवार परिचय थाय छे. वीरसेन राजा अने धारिणीदेवीनी प्रीतिनुं वर्णन करतां कवि कहे छे :

'जिसी प्रीति गौरी ने शंभु, जिसी प्रीति माछलडी–अंबु,
जिसी प्रीति मधुकर–केतकी, जिसी प्रीति गयवर–सल्लकी,
जिसी प्रीति इंद्राणी–इंद्र, जिसी प्रीति कमलिनी–दिणंद.
जिसी प्रीति चंदा–चांद्रणी, तिसी प्रीति राजा–धारणी.' (खंड १)

वच्छराजना गुणोनुं वर्णन करती वखते पण कवि आ ज कला अजमावे छे :

'गुणे करीने अति अभिराम, लहुओ वच्छराज तस नाम;
राजा पदवी एहने होय, मनह मनोरथ पूजे तो य.
लहुअ लगे वछराज विनीत, चतुर तणां चमकावे चित्त;
अवगुण अंग थीको परिहरे, लहुअ लगे लक्षण आदरे
लहुओ रवि सोहे अतिघणो, दश दिशि तेज तपे जेह तणो;
लहुओ मृगपति मयगल भिडे, लहुअ दीप तिमरनें नडे;

लहुअ चंपक परिमल आवास, लहु चिंतामणि पूरे आश;
लहुओ पण पोते गुण बहु, एह राजे हुए सुखीआं सहु.' (खंड १)

वच्छराज उजेणीमां सोमदत्त वणिकनुं घर भाडे लई रहे छे त्यारे कवि कर्मनी गहनता आ रीते रजू करे छे :

'सोमदत्त-घर इण परे रह्यां, करम—वसे दुखियारां थयां;
करम करे ते न करे कोय, राज करे ते रळता जोय.
आगे करमें घणा रोळव्या, नंदिषेण सरखा भोळव्या;
करमें रावण पडीओ चूक, सीताहरण रण कीधो भूक.
कीचक पडीआ पंडव पास, पंडव पंच गया वनवास;
करम तणी शी कीजे वात, रविरथ हयवर सरज्या सात.
करमें पेख कलंकित चंद, मरण लहे भालडी मुकुंद;
करमविपाक कीसुं हुं भणुं, नळ रांधे पर घर रांधणुं.
करमें कदरथी चंदन बाल, नरग गयो श्रेणिक भूपाल;
करमें बलि घाल्यो पाताल, दुःख सह्यां तिम गय सुकुमाळ.' (खंड २)

कविनां आ दृष्टांतो एमना पौराणिक ज्ञाननी साक्षी पूरे छे.

देवराज अने वच्छराज वच्चे थयेला युद्धनुं जुस्सादार भाषामां आवेलुं वेगभर्युं वर्णन कविनी वर्णनशक्तिनो सारो नमूनो छे :

'बिहु दळ घाव वण्या नीसाणे, ने रण वागां तूर;
कोह करंता वे दळ झूझे, शूरमें चढिया शूर.
घोडे घोडा रथ रथीआ—शुं, गयवर गयवर साथि;
खडगयधर खडगयधर साथि, पायक पायक साथि.
हाकबूक मुख अहनिश जंपे, मेहेले खडगप्रहार:
वीर वडा झूझंता देखी कायर छंडे थहार.
बिहुं दळें भाट सरंगमि चडिय बोले बहुविध छंद;
श्वास दूहवीता गयंवर अतिहिं करे आक्रंद.
रयण दीसनी विगती न लाभे, आप—पर नवि सूझे;
रोसे चडद्या रण राउत केरा मस्तक विण धड झूझे.
तव वछराज मूके सिंहनाद, सुहड छंडाव्या छीक;
महवडी पेसी सडसड सूडे, वहे रुधिरनी नीक.

मोडोधा मंकड जिम खेले, रडवडिया रेवंत;
मंडलिक मान मूकाव्या, कियो परदळनो अन्त.' (खंड ६)

आ लोककथानक विशे मध्यकाळमां आपणे त्यां घणां काव्य लखायां छे, तेमां आ काव्य एना सांप्रदायिक रंगोने लीधे विशिष्ट स्थान धरावे छे.

१६. सुमतिसाधुसूरि विवाहलो

लावण्यसमय पोतानी कृतिओमां पोताना गुरु तरीके जेमनो वारंवार उल्लेख करे छे ते सुमतिसाधुनी दीक्षानो प्रसंग ९२ कडीना आ काव्यमां 'विवाहला'-ना जेटला उमंगथी अने गौरवथी वर्णववामां आव्यो छे. शब्दलालित्य अने प्रवाही छन्दने कारणे ए चित्तने प्रसन्न करी जाय एवो छे. दीक्षाना वरघोडानुं वर्णन तादृश छे :

'चउरी गूडर ताडिआ ए, तलिया तोरण चंग तु,
माहाजन सहू जीमाडीइ ए, मंदरि मोटउ जंग तु.
कुंवर हिव सिणगारीइ ए, मस्तकि भरीउ खूंप तु,
बांहे सोवन–बहिरखा ए, दीसइ रूअलडउं रूप तु.
कडिं नवरंग पछेवडउ ए, ओढणि आछउं चीर तु,
सार तुरंगम आणिउ ए, चडिउ बावनवीर तु.
कामिणि मुखि मंगल भणइं ए, भट्ट भणइ बहु छंद तु.
लूण उतारइं बहिनडी ए, कुंअर अति आणंद तु.
वर पोसालइं आविउ ए, दुरिअ गयां सवि दूरि तु,
श्रीरत्नशेखरसूरि वंदिआ ए, मनह मनोरथ पूरि तु.'

एवी ज रीते मात्र थोडी ज लीटीओमां गुर्जर नारीनुं सुरेख चित्र कविए सर्ज्युं छे :

'झालि झबूकइं गालि रे, जाणे ससि नइ सूर रे;
रागवसिइं सेवा करइं ए, अतिघण तेजनउं पूर रे.
मस्तकि सोहइ राखडी, आंखडी अति अणिआली रे,
ओढणि आछी चूनडी, पहिरणि नवरंग फालि रे.
साव सुलक्षण सारिअ, सारिअ काजलरेष रे,
रूपिइं रंभा अवतारिअ, दीसइ रूअडलउ वेस रे.'

आ कृतिनो रचनासमय उपलब्ध नथी.[५८]

५८. आ काव्य 'ऐतिहासिक राससंग्रह भाग १' मां प्रसिद्ध थयेलुं छे.

१७. चतुर्विंशति जिनस्तवन

आ कृति वि. सं. १५८७ पहेलां रचाई होवानो संभव छे, कारण के आ कृतिनी शरूआतमां 'आदिनाथ भास सं. १५८७' एवो उल्लेख छे.[५९]

२८ कडीनी आ कृतिमां प्रथमनी २४ कडीमां जैनोना चोवीस तीर्थंकरोनी, दरेक कडीमां एकेक तीर्थंकरनी, स्तुति छे. एमांनी प्रथम २७ कडीओ मालिनी छन्दनी अने छेल्ली चार लीटीनी कडी हरिगीत छन्दनी छे. कविनुं छन्द प्रभुत्व उच्च कोटिनुं छे.

प्राचीन-मध्यकालीन गुजराती साहित्यमां अक्षरमेळ वृत्तोनो प्रयोग ओछो मळे छे अने अक्षरमेळ वृत्तोमां रचायेली सळंग कृति तो गणीगांठी छे.[६०] ए रीते तेमज तत्कालीन गुजराती भाषाना अभ्यासनी दृष्टिए उपयोगी होवाथी आ आखीये कृति अहीं आपी छे.[६१] वर्णसगाई, अन्तर्यमक तथा प्रासनी योजना, तेमज चार ज लीटीमां दरेक तीर्थंकरनुं व्यक्तित्व सर्जवानी कविनी शक्तिने कारणे पण आ कृति नोंधपात्र छे.

मालिनी छंद

कनकतिलक भाले, हार हीइ निहाले,
ऋषभपय पखाले, पापना पंक टाले.
अरचि नव रसाले फूटडी फूलमाले,
नर भव अजूआले, राग नइं रोग टाले. १

अजित किणि न जीतु, जेहनइं मान वीतु,
अवनिवर वदीतु मानीइ मानवी तु.
लहसि सुख निचीतु, पूजि रे मानवी तु.
जु जिन मनि चींतउ मुकीइ मान–वीतु. २

---

५९. जैन गूर्जर कविओ—भाग ३, खंड १

६०. 'प्राचीन गुजराती साहित्यमां वृत्तरचना'—डॉ. भोगीलाल ज. सांडेसरा (ई. १९४१)

६१. आ कृति 'जैनयुग' पु. १ (पृ. १७८-७९, सं. मोहनलाल दलीचन्द देसाई) मां प्रसिद्ध थई छे. पण ला. द. भा. सं. विद्यामंदिरना ग्रंथभंडारमांथी वधारे शुद्ध अने जूनी हस्तप्रतो नं. ५२५३ (त्रण पत्रनी) अने ४१४३ (बे पत्रनी) मळी होवाथी, ए परथी अहीं एनुं संपादन करवामां आव्युं छे, अने ए हस्तप्रतने अनुक्रमे A अने B संज्ञा आपीने पाठभेद नोंध्या छे. कोई प्रतमां लख्यासंवत नथी पण लिपि (पडीमात्रा अने खडीमात्रा बंनेनो उपयोग एमां थयो छे ए) उपरथी वि. सं. १६०० लगभग ए लखायानो संभव छे. बंनेमां A प्रत वधारे जूनी छे.

१. A रिषभ AB पाय.

२. A कणि. B लहेसि. A मति. B चीतिउ.

समवसरणि बइठा चीत मोरइ पइठा.
असुख अति अरीठा उपड्या ते उवीठा.
सुपरि करि गरीठा सौख्य पाम्यां अनीठा.
भव हूअ मझ मीठा, **संभवस्वामि** दीठा. ३

लहक सिरि धजानु, ज्ञान केरु खजानु,
जिनवर नहीं नाह्नउ, सामि साचउ प्रजानउ,
जस जगि वर-वानउ छइल मांहिं न छानु
सुत समरथ मानउ मात **सिद्धार-पानउ.** ४

विषम विषयगामी केवलज्ञान पामी।
दुरगति दुख दामी जे हुआ सिद्धिगामी,
हृदय धरि न धामी, पूरवइ पुण्यकामी,
सकल **सुमति सामी** सेवीइ सीस नामी. ५

म करि अरथ माहरु, लोभना लोढ वारु;
भविक ! भव म हारु, पिंड पापिइं म भारु.
नरयगति निवारु, चींति चेतेस वारु.
पद्मप्रभ जुहारु; सांभलउ बोल सारु. ६

किय शिवपुर वासो सामि लीलाविलासो,
जय जगतिं **सुपासो**, जेहनइं देव दासो.
दलिअ करमपासो राग नाठउ निरासो,
गुरुअ-गुण निवासो दोष दोषिइं न जासो. ७

मदन-मद नमाया, क्रोध-योधा नमाया,
भवभमर भमाया, रोग-सोगा गमाया,
सकल गुण समाया, लक्ष्मणा जास माया,
प्रणमिसु जिन-पाया चंग **चन्द्रप्रभाया.** ८

---

३. B चीति. A सोख्य. B हूआ.

४. B लहिक A धजा तु. B साचु; प्रजानु. B वरवानु. A माहे. B मानु; सिधारषानु.

५. B हूउ; सिधि.

६. A म्हारु. B चीति; वहारु. A नरयगति वारु. B सांभलु.

७ A गुरुअ.

८. A नडाया. A भवभरम.

सुविधि सुविधि मांडी, पापनां पूर छांडी,
मयण–मद नमांडी, चीत चोपूं लगाडी,
कुगति मति शमाडी, मुक्तिकन्या रमाडी,
सुणि–न–सुणि नमाडी देषवा ते रुहाडी. ९
कनकवरणि पीला जेणि जीती प्रमीला,
सिरि धरिअ सुशीला, दूरि कीधी कुशीला,
प्रगटित तपशीला, **शीतल स्वामि** शीला,
म करसि अवहीला, जेहनी लील लीला. १०
भविक नर ! भणीजइ, सिउं भमु माग बीजइ ?
अहनिशि समरीजइ, सेव **श्रेयांस** कीजइ,
विविध सुख वरीजइ, पुण्यपीयूष पीजइ,
अनुदिन प्रणमीजइ, लाछिनु लाह लीजइ. ११
जस मुख–अरविंदो ऊगीउ कइ दिणंदो,
किरि अभिनव चंदो पुन्निमानउ अमंदो,
नयण अमिअबिंदो जासु सेवइं सुरिंदो,
पय नमिअ नरिंदो **वासुपुज्जो** जिणंदो. १२
असुख–सुख हणेवा, सौख्यनां लक्ष लेवा,
भवजलधि तरेवा, पुण्य पोतूं भरेवा,
मुगति–वहू वरेवा, दुर्गतिइं दाह देवा,
विमल विमल सेवा चित्त चीतिइ करेवा. १३
अकल नवि कलायु, पार केणइ न पायु,
त्रिभुवनि न समायु, जेहनइं ज्ञान मायु,
जस जगि वर जायु, रोगनउ अंत आयु,
हृदयकमलि ध्यायु ते **अनंतु** सुहायु. १४

---

९. A चींत.
१०. A सिरि घरि सुशीला. A करिसि.
११. चोथी लीटी–B तिम तिम यम पीजइ. A लाहु.
१२. A अरवंदो. A करि. B पुन्निमानु; वासुपुज्जे.
१३. A असुख गति. A सोख्यनां लख्य. A चींतइ करेवा.
१४. A कलाव्यु त्रीजी लीटी–A जव जिनवर जायु. B रोगनु.

धरम धरम भाषइ, मुक्तिनउ मार्ग दाषइ,
जगि जिनवर पाषइ पाप जाइ न पाषइ.
वरस दिवस पाषइ जे प्रभो चित्ति राषइ,
पुरुष अणिअ आषइ सौख्य ते चंग चाषइ. १५
मयगल घर वारी नारि सिंगारि भारी,
रयण कनक सारी कोडि केति विचारी,
प्रभु तसु परिहारी ज्ञानचारित्रधारी
त्रिभुवनि जयकारी **सांति** सेवु सधारी. १६
वर कनकि घडाया हार हीरे जडाया,
मुगट सिरि अडाया सूर तेजिइं नडाया,
तिवल तडतडाया पाप पूंठिइं पडाया,
कुसुमचय चडाया **कुंथु** पूजंति राया. १७
करम मरम जाली, पुण्यनी नींक वाली,
रति-अविरति राली, केवलज्ञान पाली,
अखय-सुख रसाली सिधि पामी सुंहाली.
अर अरचि सुमाली आपि रे फूल टाली. १८
सुणि-न सुणि-न हल्ली पुण्यनिइं पूरि घल्ली,
घर तरुअर-वल्ली पुत्तपुत्तेहिं भल्ली,
नितु नवल-नवल्ली भूरि भोगेहिं फुल्ली,
प्रणमइ **जिण-मल्ली,** तासु कल्लाणवल्ली. १९
विगत-कलि-कुरंगा पामीआ पुण्य तुंगा,
नचिलि गविल जंगा दूष दोषा दुरंगा,
जव हूअ जिन संगा **सुव्रतस्वामि** चंगा,
किरि तरल-तरंगा आलसू मांहिं गंगा. २०

१५. B मुक्तिनु. A सोख्य.
१६. A श्रंगारि. B संति. A सेवु जुहारी.
१७. B कनक. A मुकुट; तेजेइं; तिविल.
१८. A करमरम.
१९. B सुणि न थल्ली. A जिन.
२०. A विगतिकलिकुरंगा. B नवल गिवल जंगा. A दोखया. B हूआ. A माहि.

नमि नरय निवारइ, मान–माया विडारइ,
भवजलधि अपारइ हेलि हेलां ऊतारइ,
भगत–जन सधारइ, लोभ नाणइ लगारइ,
जिन जुगति जुहारइ, ते सवे काज सारइ. २१

कुगति कुमति छोडी, पापनी पालि फोडी,
टलिअ सयल षोडी, मोहनी वेलि मोडी,
जिणि शिववहु लोडी, को नही **नेमि** जोडी,
प्रणमइ लक्ष कोडी नाथ वि हाथ जोडी. २२

जल जलण वियोगा, नाग संग्राम सोगा,
हरि मयगल मोगा, वात चोरारि रोगा,
सवि भयहर लोगा, पामीआं **पास** जोगा,
नर नही कहि जोगा, पूजतां भूरि भोगा. २३

कठिन करम मेल्ही काठीआ तेर ठेली,
विमल विनयवेली भावि भोलइ गहेली,
निखुणि हरषि हेली, भेटि पामी दुहेली,
सविसविहूं पहेली **वीर** वंदू वहेली. २४

दुरित दल दुकाला, पुण्य पाणी सुगाला,
जसु गुणवर वाला रंगि गाइ रसाला,
भविक नर त्रिकाला, भावि वंदुं मयाला
जय जिनवर माला, नामि लच्छी विशाला. २५

अमिअरस समाणी देवदेवे वषाणी,
वयणरयणखाणी, पापवल्ली-कृपाणी,
सुणि-न सुणि-न, प्राणी ! पुण्यची पट्टराणी
जगि जिनवर-वाणी सेवीइ सार जाणी. २६

रिमिझिमि झमकारा नेउरीचा उदारा,
कटि-तटि षलकारा मेषलीचा अपारा,

---

२२. A प्रणमइ सुर कोडी; बे.
२४. B मेहली. A भोरइ गहेली.
२५. A जस गुणवर; लछी.

कमलि-रमलि-सारा देह लावण्यधारा,
सरसति जयकारा होउ मे नाणधरा. २७

तपगच्छि दिणयर लब्धिसायर सोमदेवसूरीसरा,
श्रीसोमजय गणधार सेवीय समयरत्न मुणीसरा;
मालिनीछंदिइं झमकबंधिइं स्तव्या जिन ऊलटि घणइ,
मिइं लहिउ लाभ अनंत सुखमय, मुनि लावण्यसमय भणइ. २८

१८. खिमऋषि (बोहा), बलिभद्र–यशोभद्र रास

आ रासनी रचना वि. सं. १५८९मां अमदावादमां बुहादीनपरामां पूर्ण थई छे :[६२]

'संवत पनर नव्यासीइं, माघ मासि रविवारि,
अहिमदावाद विशेपीइं, पुरू बुहादीन मझारि.'

एमां यशोभद्र अने एमना शिष्य खिमऋषि अने बलिभद्र, ए त्रण जैन मुनिओनुं चरित छे. आम तो रास त्रण खण्डमां वहेंचायेलो छे; दुहा अने चोपाई छन्दनी पहेला रासमां २१३, बीजा रासमां १२६ अने त्रीजा रासमां १७३ कडीओ छे; छतां गुरु-शिष्यना संबन्धने कारणे सळङ्गसूत्रता जळवाई रहे छे. खिमऋषिना कठिन अभिग्रहो तथा बलिभद्र अने यशोभद्रसूरिना चमत्कारोनुं एमां विस्तारथी वर्णन करवामां आव्युं छे, जे कंटाळाजनक थई पडे छे, छतां झडझमकभरी शैली अने विषयने विशद बनाववानी कविनी दृष्टांतकलाथी कोई कोई भाग आकर्षक नीवडे छे :

'भमतां चक्र भरइं कुंभार, भमतां भूप भरइं भंडार,
भमतु योगी भिक्षा लहइं, भमती नारी निज कुल दहइं.
+ + +
वृक्ष न लेइ फल तणउ सवाद, वीण अरथि न आवइं नाद;
सूर सदा अजुआलुं करइ, उत्तम पर–उपगारी सिरइं.
नदी न पीइं नीर ल्गार, कूरम कांइ धरइं भुइं भार;
महीअलि मेह सरोवर भरइं, उत्तम पर-उपगारी सिरइं.

---

२७. B रमझम.
२८. A लब्धिसायर. A सेविअ; मुनीसरा. A मलिनी, B मालिनीय A यमकबंधिइ, B तव्या. A मइं. A लावण्यसमय सदा भणइ.
६२. आ कृति 'ऐतिहासिक राससंग्रह भाग २' मां प्रगट थयेली छे.

> पान पदारथनी वेलडी, दूध दहीं दीसइं सेलडी,
> साकर सरस सर सरस झरइं, उत्तम पर-उपगारी सरइं.' (खंड ३)

१९. प्रकीर्ण

आ उपरांत लावण्यसमये केटलीक नानी कृतिओ रची छे, तेमांथी नीचेनी कृतिओ विशे 'ऐतिहासिक राससंग्रह'नी प्रस्तावनामां नोंध छे :

१. गौतमरास, २. गौतमछन्द, ३. जीराउला पार्श्वनाथ विनति, ४. पंचतीर्थस्तवन, ५. राजिमतीगीत, ६. दृढप्रहारीनी सज्झाय, ७. कर्माशाहे करावेला उद्धारनी प्रशस्ति, ८. पंचविषय स्वाध्याय, ९. आठमनी सज्झाय, १०. सात वारनी सज्झाय, ११. पुण्यफलनी सज्झाय, १२. आत्मबोध सज्झाय १३. चौद स्वप्ननी सज्झाय, १४. दाननी सज्झाय, १५. श्रावकविधि सज्झाय, अने १६. ओगणत्रीस भावना.

'जैन गूर्जर कविओ' भाग १मां आ सिवाय बीजी केटलीक कृतिओनी नोंध छे: १. मनमांकड सज्झाय, २. हितशिक्षा सज्झाय, ३. पार्श्वनाथजिनस्तवन प्रभाती, ४. आत्मप्रबोध, ५. नेमराजुल बारमासो, अने ६. वैराग्योपदेश[६३]. ए ज पुस्तकना भाग ३ खंड १मां १. गर्भवेली-(११४ कडी) अने २. गौरीसांवली गीतविवाद ए बे कृतिओनो उल्लेख छे.

आ बधी कृतिओमां कविनो धर्मप्रेम, वैराग्य अने भक्तिभाव जोवा मळे छे.

आ उपरांत कविनां केटलांक गीत अने हरियाळीओ हस्तप्रतोमां मळे छे. कविनी हरियाळीनो नमूनो जोवा जेवो छे :

> 'बीज विण वधइ केलि, केलि नही उजलवन्तउ,
> ऊजलवन्तउं हंस, हंस नही जलि उपन्नउं,
>
> जलि ऊपनउं कमल, कमल नही जलि सीदाइ,
> जलि सीदाइ अग्नि, अग्नि नही सहू को खाइ,
>
> सहू को खाइ अन्न, न फल तसु को कहइ;
> लावण्यसमय मुनिवर भणइ. जाण पुरुष लीलां करइ.'[६४]

---

६३. आ उल्लेखमांनी कृति नं. ४, ५, ६ शा. भीमशी माणेक प्रकाशित 'सज्झायमाला'मां मळे छे.
६४. ला. द. भा. सं. विद्यामन्दिर—ह. प्र. नं. ८४६०

कविनुं जीभलडीनुं गीत प्रीतमदासना ए ज प्रकारना गीतनी याद आपे एवुं छे :

'जीव भणइ, सुणि जीभडली, पापइ पिंड भरावइ;
आपसवारथ आघी थाइ, अम्हचइ काजि न आवइ, भइ.
वापडली रे जीभडली, ढालि पडी तुं एहवइ,
खाटाखारा षटरस सेवइ, अरिहंत नाम न लेवइ, भइ.

ध्यान धरुं जव सामी केरुं, तव तुं सहीअ बोलावइ,
जपमाला कर थिकी पडावइ, मझनइं मांड डोलावइ, भइ.
काया पुर पट्टण, हूं छउं राजा, तुं थापी पटरांणी,
आज लगइ गुरुवचन विहूणी, मइ इसी अभगति जाणी, भइ.

नर बत्रीस रह्या रखवालइ, आगलि पोलि पगारा,
तुहइ नीलजपणउं न छांडइ, बोलइ छंदाचारा, भइ.
तुं बंधावइ, तुं छोडावइ, तुझ जामलि कुण आवइ,
नारि भली जेह ज प्रीअ भगती, घरनू सूत्र चलावइ, भइ.

सावअ–लक्षण वहु गुणवंती, घणउं किस्यउं तुझ कहीइ,
जीव भणइ. सनमारगि चालउ, तिम रूडइ निरवहीइ, भइ.
जीव–सीखामण जिह्वा लागी, जिनगुण गावा लागी,
कहइ लावण्यसमय वइरागी, पापभ्रंति सहू भागी. भइ[६५].

आम लावण्यसमयनुं साहित्यसर्जन ठीक ठीक विपुल छे. छन्द अने भाषा पर एओ घणो काबू धरावे छे. छन्दमां शब्दोने तो एओ धार्या प्रमाणे रमाडे छे ने प्रसंगोपात्त माधुर्य के ओजस प्रयोजे छे. अलंकारो, दृष्टान्तो अने सामान्य विधानोथी कोई पण विषयने तेओ दीप्तिवन्त बनावी मूके छे. एमनुं पांडित्य अने सामाजिक जीवननुं ऊंडुं ज्ञान एमनी कवितामां वारंवार प्रगट थाय छे. कोई पण प्रसंग, पात्र के भावना वर्णनने रसमय बनाववानी कळा एमने सहज छे. ए रीते लावण्यसमय मध्यकाळना प्रतिभाशाळी कवि छे. श्री. कनैयालाल मुनशी कहे छे तेम प्रथम पंक्तिना जैन कविओमां एमनुं स्थान घणुं ऊंचुं छे[६६].

---

६५. ला. द. भा. सं. विद्यामन्दिर–ह. प्र. नं. ५३३ ६४९, १५९५
६६. 'नरसिंहयुगना कविओ.'

नेमिरंगरत्नाकर छन्द

समालोचना

लावण्यसमयरचित 'नेमिरंगरत्नाकर छन्द' मध्यकालीन गुजराती साहित्यमां विशिष्ट स्थान धरावे एवी, अनेक दृष्टिए महत्त्वनी, कृति छे.

१. रचनासमय

सामान्य रीते प्राचीन-मध्यकालीन साहित्यकृतिना अन्ते रचनासंवतनी संख्या आपवामां आवे छे. पण केटलीक वार जेनी संख्या निश्चित होय तेवी वस्तुओनो उल्लेख करी रचनासाल सूचववामां आवे छे. उ. त., जैनकवि जीवणजीए पोतानी चोवीसीने अन्ते तेनी रचनासाल नीचे प्रमाणे जणावी छे :

शशि मुनि शंकर लोचन, परवत वर्ष सोहाया;
भादो मासनी वदि आद्या गुरु, पूर्ण मंगल वरताया रे.

अहीं शशि=१, मुनि=७, शंकरलोचन=३ अने परवत=८ ए प्रमाणे सीधा क्रममां संख्या लेतां चोवीसीनी रचना सं. १७३८मां थयानुं समजाय छे.

केटलीक वार आवी रीते सूचवायेली संख्या ऊलटा क्रममां लेवानी होय छे. उ. त., यशोविजयजीकृत 'जंबूस्वामी रास'मां रचनासाल आ प्रमाणे आपी छे :

नंद तत्त्व मुनि उडुपति संख्या वरस तणी ए धारो जी,
खंभनयर मांहिं रहिअ चोमासुं, रास रच्यो छइ सारो जी.

अहीं नंद=९, तत्त्व=३, मुनि=७ अने उडुपति=१, ए रीते ९३७१नी संख्या आवे छे, पण तेनो स्वीकार थई शके एम नहि होवाथी एने ऊलटा क्रममां लेवी पडे छे अने ए रीते रच्यासमय सं. १७३९ समजाय छे.

लावण्यसमये पण आवी ज युक्तिपूर्वक 'नेमिरंगरत्नाकर छन्द'ना रच्यासमयनो उल्लेख कर्यो छे :

तिथिमान आणी तिणि प्रमाणी, संवत जाणी सुहकरो,
रसवेद वामिइं वरस नामिइं माह मास मनोहरो.

(अधिकार २—कडी १५४)

अहीं रस=६ अने वेद=४, वामिइं एटले डाबी तरफथी—ऊलटा क्रममां. लावण्यसमयनो जन्म वि. सं. १५२१मां थयो हतो अने वि. सं. १५८९मां एमणे

छेल्ली कृति रची हती. ए रीते वि. सं. १५४६मां, कविनी पचीस वर्षनी जुवानवयमां, 'नेमिरंगरत्नाकर छन्द'नी रचना थयेली छे.

२. काव्यस्वरूप

आ काव्यनी केटलीक हस्तप्रतोनी पुष्पिकामां (A B, अने D हस्तप्रतोमां प्रथम अधिकारने अंते अने B हस्तप्रतमां बीजा अधिकारने अंते पण) एने 'छंद' तरीके ओळखावेल छे. आ रीते मध्यकाळमां झडझमकवाळी भाषामां अने एक के जुदा जुदा छन्दमां लखायेल काव्यने 'छन्द'नी संज्ञा आपवामां आवी छे. उ. त., रणमल्ल छन्द, मयण छन्द, गुणरत्नाकर छन्द वगेरे. परन्तु कविए काव्यमां ज स्पष्टपणे एनो 'प्रबन्ध' तरीके पण उल्लेख कर्यो छे, (जुओ प्रथम अधिकारनो आरंभनो श्लोक अने बीजा अधिकारनी कडी १५५).

संस्कृत साहित्यकृतिओमां 'प्रबन्ध'नो अर्थ सुसंकलित, सुव्यवस्थित साहित्य-रचना एटलो ज छे.[1] कालिदासे 'मालविकाग्निमित्र'ना प्रारंभना प्रास्ताविक भागमां 'प्रबन्ध'नो अर्थ 'काव्यनाटकादिक रचना' एवो कर्यो छे.[2] **वासवदत्ताना** प्रणेता सुबन्धुए 'कथात्मक रचना'ने माटे 'प्रबन्ध' शब्दनो प्रयोग कर्यो छे.

विक्रमनी चौदमीथी सोळमी सदीमां संस्कृतमां केटलाक प्रबंधो रचाया छे. तेमांना 'कुमारपालप्रबन्ध' जेवा प्रबंधो पद्यमां, तो मेरुतुंगनो 'प्रबन्धचिन्तामणि' अने राजशेखरनो 'चतुर्विंशतिप्रबन्ध' गद्यमां छे. बल्लालनो 'भोजप्रबन्ध' गद्यपद्यमिश्रित छे. आमांथी केटलाकमां एक ज ऐतिहासिक व्यक्तिनुं चरित्र विगते आलेखवामां आव्युं छे, तो 'प्रबन्धचिन्तामणि' के 'चतुर्विंशतिप्रबन्ध'मां जुदी जुदी ऐतिहासिक व्यक्तिओना प्रसंगो निरूपवामां आव्या छे.

प्राचीन-मध्यकालीन गुजराती साहित्यमां पण केटलाक प्रबंधो रचाया छे. तेमांना पद्मनाभरचित 'कान्हडदे प्रबन्ध' (वि. सं. १५१२) अने लावण्यसमयरचित 'विमलप्रबन्ध' (वि. सं. १५६८) नुं वस्तु चरित्रात्मक अने ऐतिहासिक छे. एमां बीजा रसो साथे मुख्य रस वीर छे. आख्यानमां कडवां पडवामां आवतां तेने बदले तेमां लांबा विभाग के खंड पाडवामां आव्या छे, अने दूहा, चोपाई जेवा मात्रामेळ छन्दोनो मुख्यत्वे उपयोग करवामां आव्यो छे.

---

१. अनुज्झितार्थसंबन्धः प्रबन्धो दुरुदाहरः–शिशुपालवध २-७३

२. प्रथितयशसां भाससोमिल्लकविपुत्रादीनां प्रबन्धानतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियायां कथं परिषदो बहुमानः–मालविकाग्निमित्र, अंक १

आ उपरथी ऐतिहासिक व्यक्तिना चरित्रने निरूपता सुबद्ध, सुदीर्घ अने सळंग वीररसकाव्यने 'प्रबन्ध' तरीके ओळखवामां आवतुं एम लागे छे.[३]

'नेमिरंगरत्नाकर छन्द' मां आपणी दृष्टिए पौराणिक पण जैन धर्मनी दृष्टिए ऐतिहासिक एवो उदात्त प्रसंग आलेखवामां आव्यो छे. जैनोना तीर्थंकर नेमिनाथनुं चरित्र विगते तेमां वर्णववामां आव्युं छे. बीजा रसनी साथे एनो मुख्य रस धर्मवीर छे. एना बे खंडमां बहुधा मात्रामेळ छंदनो उपयोग करवामां आव्यो छे. एनी रचना सळंग, सुसंकलित अने सुव्यवस्थित छे. आ रीते एमां प्रबन्धनां लक्षणो जळवायां छे.

३. पद्यबन्ध

'नेमिरंगरत्नाकर छन्द'मां नीचे प्रमाणे छन्दो वपराया छे.

१. **अनुष्टुप**—पहेला अधिकारना आरम्भना श्लोकमां अने बीजा अधिकारनी १४९ मी कडीमां आ छन्द प्रयोजायो छे. एमां आठ अक्षरनां चार चरणोमांनो पांचमो अक्षर लघु अने छठ्ठो अक्षर गुरु होय छे, तेमज पहेला अने त्रीजा चरणनो सातमो अक्षर गुरु अने बीजा तथा चोथा चरणनो सातमो अक्षर लघु होय छे. दरेक चरणनो आठमो अक्षर गुरु होय छे.

२. **दुहा**—बीजा अधिकारनी कडी १ थी ६, ११ थी १५, २० थी २५, ३० थी ४१, ४५ थी ५० तेमज ६६ अने ६७मां आ छन्द प्रयोजायो छे.

दुहामां पहेला तथा त्रीजा चरणमां १३ तेमज बीजा अने चोथा चरणमां ११ मात्रा, १३ मी मात्रा गुरु अने पंक्तिने अन्ते अनुक्रमे गुरुलघु अक्षर होय छे. कोई वार पंक्तिना छेल्ला अक्षर गुरु पण होय छे. तेनां उदाहरण बीजा अधिकारनी २० मी अने ३३ मी कडीमां मळे छे.

३. **रोळा अने छप्पा**—पहेला अधिकारनी कडी ८८, ८९ अने ९० मळीने छप्पो बने छे. एवी रीते बीजा अधिकारनी कडी ९७ थी १२०—दरेक त्रण कडी मळीने छप्पो बने छे. १६०, १६१ अने १६२ कडीनो पण छप्पो छे.

---

३. प्राचीन-मध्यकालीन गुजराती साहित्यमां साहस अने प्रेमनां कथाकाव्यने पण प्रबन्धनुं नाम आपवामां आव्युं छे. उ. त., भीमनो 'सदयवत्सवीर प्रबन्ध' (वि. सं. १४६६) अने गणपतिनो 'माधवानल-कामकन्दला प्रबन्ध' (वि. सं. १५७४). आ परथी लागे छे के कोई पण प्रकारनी सुदीर्घ अने सुबद्ध रचनाने प्रबन्धनुं नाम आपवामां आवतुं.

बीजी तरफथी नाल्हकविकृत 'विसलदे रासो' (वि. सं. १२७२), अंबदेवसूरिकृत 'समरारासु' (वि. सं. १३७१ पछी) वगेरेनुं वस्तु ऐतिहासिक होवा छतां तेमने 'रास' तरीके ओळखाववामां आवेल छे. आ परथी लागे छे के रास अने प्रबन्धनो भेद बहु कडक नहोतो.

छप्पामां पहेली वे कडी–चार लीटी रोळानी अने छेल्ली वे लीटी उल्लाळा छन्दनी होय छे. रोळानी पंक्तिमां कुल २४ मात्रा अने ११ मी मात्रा पछी यति आवे छे. उल्लाळानी पंक्तिमां कुल २८ मात्रा अने १४मी मात्रा पछी यति आवे छे.

४. **हरिगीत**–बीजा अधिकारनी कडी १५० थी १५९ हरिगीत (हरिगीतिका) छन्दनी छे. एमां दरेक पंक्तिमां २८ मात्रा आवे छे अने छेल्लो अक्षर गुरु होय छे.

५. **आर्या**–पहेला अधिकारनी ५५मी कडी अने बीजा अधिकारनी १४८ मी कडी आर्यानी छे. एमां पहेली लीटीमां ३० अने बीजी लीटीमां २७ मात्रा होय छे. दरेक लीटीमां १२ मात्रा पछी यति आवे छे.

६. **चरणाकुल**–काव्यमां सौथी वधारे उपयोग आ छन्दनो थयो छे. नीचेनी कडीओमां ए प्रयोजायो छे.

पहेला अधिकारनी कडी १, २, ३, ६, ९, १०, ११, १२, १३, १४, १५, १६, १७, १८, १९, २०, २३, २६, ३७, ३८, ४५, ५१, ५४, ५५, ५६, ५८, ५९, ६०, ६३, ६६, ६९, ७२, ७३, ७४, ७५, ७६, ७७, ८०, ८१, ८२, ८५

बीजा अधिकारनी कडी ७१, ७२, ७५, ७६, ७७, ८०, ८१, ८२, ८३, ८४, ८५, ८७, ९१, ९३, ९४, १२१, १२२, १२३, १२६, १२७, १२९, १३०, १३१, १३२, १३३, १३४, १३५, १३८, १४१, १४२, १४३, १४४, १४५

चरणाकुळमां दरेक चरणमां सोळ मात्रा अने छेल्ला वे अक्षर गुरु आवे छे. उपरांत १, ५, ९ अने १३ मात्रा उपर ताल आवे छे.

७. **पद्मावती**–आमां दरेक पंक्तिमां ३२ मात्रा तेमज १०, ८ अने १४ मात्रा पछी यति आवे छे. छेल्लो अक्षर गुरु तेमज त्रीजी मात्राए अने पछी दर चार चार मात्राए ताल आवे छे. प्रथम वे यतिखंडो वच्चे प्रास योजवामां आवे छे.[४]

---

४. दश आठे खासा, धरि अनुप्रासा, उपर कळा चौदे आवे,
पद्मावति नामे, छंद सुकामे, गुणवंता कविजन गावे;
लीलावति जेवा, ताळ ज लेवा, कोमळ पद रचशे कविता,
उजळो जश जामे, सघळे ठामे, ते शोभे जेवो सविता.

'दलपत पिंगळ' पृ. २१

नीचेनी कडीओमां आ छन्द प्रयोजायो छे.

पहेला अधिकारनी कडी ४, ५, २१, २२, २४, २५, २७, ३१, ३२, ३५, ३६, ३९, ४०, ४३ अने ४४.

बीजा अधिकारनी कडी ९५, ९६ अने १४६

८. **त्रिभंगी**–आ छन्द पद्मावतीने मळतो छे, पण पद्मावतीथी आगळ जई एमां आठ मात्राए एक यति वधारे होय छे अने एथी थयेला त्रणेय यतिखंडो एक ज प्रासथी सांधेला होय छे.[5]

पहेला अधिकारनी कडी २८ मां अने बीजा अधिकारनी कडी ७३, ७४, ७८, ७९, ८८, ८९, १२४, १२५, १३६, १३७, १३९, १४० अने १४७ मां आ छन्द प्रयोजायो छे.

९. **दुमिल**–आमां दरेक पंक्तिमां ३२ मात्रा, १६ मात्रा पछी यति, अने दरेक चरणनो छेल्लो अक्षर गुरु छे. बब्बे चरणना प्रास मळेला छे. "दलपत पिंगळ'ना दुमिला अने डिंगळना दुमेलने घणे अंशे ए मळतो आवे छे.

पहेला अधिकारनी कडी २९, ३०, ३३, ३४, ४१, ४२, ४८ अने ५७मां तथा बीजा अधिकारनी कडी ८६, ९०, ९२ अने १२८मां ए प्रयोजायो छे.

१०. **मरहट्ठा**–आ छन्द पद्मावतीने बहु ज मळतो छे. फरक एटलो ज छे के पद्मावतीनो अंत्य खंड १४ मात्रानो छे एने बदले आमां अंत्य खंड ११ मात्रानो, दोहराना उत्तर पदनो आवे छे.[6]

पहेला अधिकारनी कडी ७, ८, ४६, ४७, ४९, ५०, ५२, ५३, ६१, ६२, ६४, ६५, ६७, ६८, ७०, ७१, ७८, ७९, ८३, ८४, ८६ अने ८७मां आ छन्द प्रयोजायो छे.

---

५. मात्रा दश आणो, आठ प्रमाणो, वळि वसु जाणो, रस दीजे,
अंते गुरु आवे, सरस सुहावे, भणतां भावे, त्यम कीजे;
लीलावति जेवा, ताळ ज देवा, त्रिभंगि तेवा, छन्द करो,
जति पर अनुप्रासा, धरिये खासा, सरस तमासा, शोधि धरो.

'दलपत पिंगळ', पृ. १९

६. मात्रा दश आठे, धर जति पाठे, उपर कळा अगियार,
मरहट्टा नामे, कविता कामे, छन्द बनावो सार;
छे गुरु लघु छेल्लो, एम ज मेलो, खेलो लावी खांत,
तजि बे चच्चारे, ताळ ज धारे, त्यारे थाय निरांत.

'दलपत पिंगळ'

११. हनुमंत पधडी–दलपतरामे जेने 'पद्धरी' कह्यो छे[७] ते ज आ हनुमंत पधडी छे. एमां दरेक चरणमां १६ मात्रा अने चरणने अन्ते जगण होय छे. दलपतराम प्रमाणे दरेक चरणनी ३, ६, ११ अने १४ मात्रा पर, ज्यारे हेमचन्द्रनी रीते १, ५, ९, १३ मात्रा पर ताल आवे छे.

बीजा अधिकारनी कडी ६८ थी ७०मां आ छंद प्रयोजायो छे.

१२. पधडी–बीजा अधिकारनी ५६थी ६५ कडी आ छन्दनी छे. एमां दरेक चरणमां बार मात्रा छे अने अन्ते गुरुलघु अक्षर छे.

१३. प्रकीर्ण–बीजा अधिकारनी कडी ७, ८, ९, १०, १६, १७, १८, १९, २६, २७, २८, २९, ४२, ४३, ४४, ५१, ५२, ५३ अने ५४ मां कोई देशीनो उपयोग थयेलो छे.

४. कविप्रतिभा

जैनोना बावीसमा तीर्थंकर नेमिनाथना चरित्रे संख्यावंध कविओने आकर्ष्या छे अने तेमणे ए विशे विविध प्रकारनां नानांमोटां काव्यो रच्यां छे. वि. सं. १२८९मां पाल्हण नामना कविए 'आबुरास' के 'नेमिजिननो रास' रच्यो छे. त्यारपछी वि. सं. १५९६मां पुण्यरत्ने 'नेमिरास' रच्यो छे. नेमिनाथविषयक संख्यावंध फागुकाव्यो पण रचायां छे. तेमां राजशेखरसूरिकृत 'नेमिनाथ फागु' (सं. १४०५), जयसिंहसूरिकृत 'नेमिनाथ फागु' (सं. १४२२ आसपास), समुधरकृत 'नेमिनाथ फागु' (सं. १४३७ पूर्वे), जयशेखरसूरिकृत 'नेमिनाथ फागु' (सं. १४५० नजीक), माणिक्यचंद्रसूरिकृत 'नेमि फाग' (सं. १४७८), समरकृत 'नेमिनाथ फागु' (सं. १४९३ पूर्वे), पद्मकृत 'नेमिनाथ फागु' (सं. १४९३ पूर्वे), सोमसुन्दरकृत 'रंगसागर नेमिनाथ फागु' (सं. १४९६ आसपास), धनदेवगणिकृत 'सुरंगाभिध नेमि फाग' (सं. १५०२) अने विनयविजयकृत 'नेमिनाथ भ्रमरगीता' (सं. १७०६) प्रसिद्ध छे. नेमिनाथविषयक बारमासी काव्योमां विनयचन्द्रनी 'नेमिनाथ चतुष्पदिका' (सं. १३०५) समयदृष्टिए प्रथम आवे छे. त्यारबाद सं. १५४९ आसपास काहन कविए, सं. १५८१ पूर्वे चारित्रकलशे, सं. १६६२मां लालविजये, सं. १७०६मां विनयविजये, सं. १७०९ आसपास जयवन्तसूरिए,

---

७. प्रतिचरण सोळ मात्रा प्रमाण, ते चरण अंत जो जगण आण;
त्रण चक्र रुद्र रत्ने ज ताळ, पद्धरी छन्दनो ए ज ढाळ.

'दलपत पिंगळ,' पृ. १४

सं. १७४२मां माणिक्यविजये, सं. १७४४मां नयविजये, सं. १७५५मां विनयचन्द्रे, सं. १७२९ थी १७६२ दरम्यान जिनहर्षे, सं. १७९५मां उदयरत्ने, सं. १७९५मां देवविजये, सं. १८४५मां महानन्दे—एम केटलाय कविओए आ विषयनां बारमासीकाव्यो रच्यां छे. आ उपरांत सं. १५२४मां मतिशेखरे 'नेमिनाथ वसन्तफूलडां', सं. १५६२मां लावण्यसमये 'नेमिनाथ हमचडी' अने सोळमा शतकना अन्तभागमां विनयदेवसूरिए 'नेमिनाथ धवलविवाहलु' रच्यां छे.

आ बधां काव्योमां 'नेमिरंगरत्नाकर छन्द' विशिष्ट भात पाडे छे. नेमिनाथना जन्मथी मांडीने तेमना किशोरवयनां पराक्रम, लग्न करवा माटेनो तेमनो इन्कार, उग्रसेन राजा अने शिवादेवीनी पुत्री राजिमती साथे नेमिनाथना लग्न करावबा माटे कृष्णनो प्रयत्न, वसंतखेल द्वारा गोपीओनी विनवणी, एमना आग्रहनो नेमिनाथे करेलो स्वीकार, लग्ननी तैयारी, लग्नप्रसंगे थनार जीवहत्याथी नेमिनाथने उत्पन्न थयेल निर्वेद अने तेमणे करेल संसारत्याग, आशाभंग राजिमतीनी विरहव्यथा, गिरनार पर जईने नेमिनाथे लीधेल दीक्षा अने करेली केवलज्ञाननी प्राप्ति, राजिमतीने अने संसारीओने नेमिनाथे आपेल उपदेश— ए प्रसंगो तेमां लावण्यसमये विस्तारथी अने उमळकाथी आलेख्या छे. आ दरेक स्थळे तेमनी उच्च वर्णनशक्तिनो परिचय थाय छे.

गोपीओ नेमिकुमारने लग्न करवा वीनवे छे, तेनी सामे दलील करतां स्त्रीओ पतिने केवी रीते हेरान करे छे तेनुं नेमिकुमार वर्णन करे छे. (अधिकार १, कडी ५९ –७६). गृहजीवननुं अने स्त्रीस्वभावनुं आ तादृश चित्र लावण्यसमयनुं मौलिक सर्जन छे. नेमिनाथविषयक अन्य काव्यमां ते मळतुं नथी. तेने लीधे काव्यमां हास्यनी छांट उत्पन्न थाय छे अने काव्यना उद्देशने असरकारक बनाववामां ते उपयोगी नीवडे छे.

लग्नने अंगे थनार पशुओनी हत्यानी कल्पना आवतां ज नेमिकुमार लग्न कर्या विना लग्नना मांडवेथी पाछा फरे छे. त्यारे राजिमतीनुं मन भांगीने भूको थई जाय छे. तेनी आ विरहावस्थानुं वर्णन लावण्यसमये बीजा कविओ करतां विस्तारथी कर्युं छे. (अधिकार २, कडी ८३ थी १११). 'कव्यां कवीश्वरि अविरल आगइ' ए पंक्तिमां कविए पोते जणाव्युं छे तेम वि. सं. ना पंदरमा शतकमां

रचायेल 'मयण छन्द' जेवी कृतिनी स्पष्ट असर तेमां वरताय छे.* छतां चमत्कृतिभर्या प्रासानुप्रास अने आंतर्यमकथी तेमज अनुभावोना तादृश आलेखनथी ए हृदय-स्पर्शी थई पडे छे अने विप्रलंभ शृंगारनो अनुभव करावी जाय छे.

काव्यने अन्ते कडी १२१ थी १४० मां आवेलो नेमिनाथनो उपदेश पण लावण्यसमयनो उमेरो छे. काव्यने सांप्रदायिक रंग आपी शांत रसनी निष्पत्ति करवामां ते महत्त्वनो फाळो आपे छे.

आखुंये काव्य शब्दलालित्यथी भरपूर छे. स्वाभाविक रीते ज प्रयोजायेला प्रासानुप्रास अने आंतर्यमक तेमां स्थळे स्थळे जोवा मळे छे. समान उच्चारना शब्दो द्वारा जुदा जुदा अर्थ व्यक्त करवानुं कविनुं चातुर्य ध्यान खेंचे एवुं छे प्रथम अधिकारनी कडी ३६ अने ३८ तेमज बीजा अधिकारनी कडी ८५, ८६, ८७, ९० अने ९२मां तेनां उदाहरणो प्राप्त थाय छे. कविनुं भाषाप्रभुत्व उच्च कोटिनुं छे.

भाषानी जेम कविनुं छंदप्रभुत्व पण आकर्षक छे. सर्वत्र योग्य शब्द कृत्रिमता वगर छंदमां गोठवाता जाय छे ने माधुर्य सर्जता जाय छे. तेमां ये चरणाकुळ, मरहट्ठा, पद्मावती अने त्रिभंगीनो प्रवाह अति वेगवन्त छे.

उपमा, उत्प्रेक्षा, रूपक, अत्युक्ति, दृष्टान्त अने व्यतिरेक जेवा अर्थालंकारो कविए आ काव्यमां प्रयोज्या छे. तेमांना केटलाक अलंकारो रूढ छे, पण केटलाकमां मौलिकता अने कविप्रतिभाना चमकारा देखाय छे. उ. त.,

'अलगी नांषइ सोवनत्रोटी, जिम जवरोटी कागइं बोटी' (२–९४) अने 'थूक जिम अलगी लांषइ' (२–१०४) ए पंक्तिओनो उपमा सचोट छे.

बीजा अधिकारनी कडी १५, १६, १७, १८, १९, २० अने २१मां रहेला व्यतिरेक के प्रतीप अलंकार चमत्कारभर्या छे.

---

* आ वर्णनमांनो कडो ९७, ९८ अने ९९ साथे सरखावो 'मयण छन्द'नो नीचेनो छप्पोः

" वहिन तुहिन हार, गलि धरुं कि ? अहं अहं :
मणिमय मंदिरि कुसुम–सेजि पच्छरुं कि ? अहं अहं :
कोइल केकि कपोत, कीर कहि ग्रहूं कि ? अहं अहं :
काम कुतूहल करण कथा, सखि ! कहूं कि ? अहं अहं :
सारंग–ज्योति सामी टलत, अवर किंपि मनि न न सहइः
तिणि कारणि सही पडुत्तरु, अणखि अवल 'अहं अहं' करइ."

('गुजराती साहित्यनां स्वरूपो : पद्यविभाग,'
पृ. ११७—डॉ. मंजुलाल र. मजमूदार)

बीजा अधिकारनी कडी ९२नी नीचेनी पंक्तिमां अत्युक्ति अलंकारमां पण कविनी मनोहर कल्पनानां दर्शन थाय छे.

'जे सिर वरि सोवन राषडी ए, झालइ सोइ करी राषडी ए.'

कथनने सचोट बनाववा लावण्यसमय कहेवतोनो पण सुभग प्रयोग करे छे. तेमनी आ शक्तिनो परिचय पहेला अधिकारनी ७०मी कडीमां मळे छे. पत्नीना त्रासथी कंटाळी गयेल पति दैवने फरियाद करतां कहे छे : 'ए भरीय अणत्थिइं तइं मुझ मत्थिइं भागी कांइ कुहाडि.' कुहाडी तो खूब वपराया पछी, पोतानुं बळ न चाले त्यारे भांगे. पत्नीना त्रासनी अतिशयतानुं अने तेनी सामे पतिनी निःसहायतानुं आमां सरस सूचन थयुं छे. 'गुल गलिउ नइ साकर भेली' (१–५४), 'शाणा आगलि सुंडल मांडइ' (१७६), ए कहेवतो पण ध्यानपात्र छे.

५. समाजचित्र

लावण्यसमयनी अन्य काव्यकृतिओनी जेम आ काव्यमां पण तत्कालीन समाजजीवननां केटलांक सुरेख चित्रो जोवा मळे छे.

नेमिकुमारना जन्मप्रसंगना वर्णन परथी लागे छे के ए जमानामां पुत्र-जन्म वखते राजदरबारमां उत्सव ऊजवातो. ते प्रसंगे भूंगळ, भेरी, ढोल वगेरे वाजित्रो वागतां. भाट, चारणो अने बंदीजनो राजाओना गुणगान करता ने नट लोको खेल करता. शेरीओने शणगारवामां आवती. राजमहेल अने राजमार्गो पर आसोपालवनां तोरण बांधवामां आवतां. स्त्रीओ नवां वस्त्रो पहेरीने एकठी थती ने मधुर स्वरे गीतो गाती. राजमहेलमां आवनार लोकोनो पाननां बीडांथी सत्कार करवामां आवतो. ब्राह्मणो अने भाटचारणोने राजा तरफथी दान अपातुं.

बाळ नेमिकुमारनां आभूषणो अने पहेरवेशना उल्लेखो पण काव्यमां मळे छे. ते परथी जणाय छे के राजकुंवरने नानी वयमां हाथमां कडली, केडे सोनानो कंदोरो, गळामां रत्नजडित हार अने माथे टोपी पहेरावबामां आवतां.

पोशाक अने आभूषणोना उल्लेख पण काव्यमां मळे छे. ते मुजब स्त्रीओ चीर, कमखा अने घाट के घाटडी ए वस्त्रो पहेरती तेमज माथे राखडी, अंबोडे गोफणो, कानमां झाल, गळामां सोनानो हार अने त्रोटी, कांडे चूडो ने कंकण तथा पगमां नूपुर ए आभूषणो धारण करती. पुरुषो माथे सोनानी खींटली, कानमां कुंडळ, गळामां हार अने बाहु पर बहेरखां ए आभूषण धारण करता. तेमां माणेकमोतीनो उपयोग थतो.

नेमिकुंवर अने गोपीओना वसंतविहारना वर्णन परथी लागे छे के ए समयमां वावना पाणीने कस्तूरी, कपूर, केसर, चंदन अने पुष्पोथी सुवासित करवामां आवतुं अने युवान स्त्रीपुरुषो तेमां स्नान करतां.

कृष्णनी आयुधशाळामां नेमिकुमारे दर्शावेल पराक्रमथी पृथ्वी पर मचेला खळभळाटनुं काव्यमां वर्णन करवामां आव्युं छे. ते परथी लागे छे के ए वखते वस्तुओ साचववा माटे घरमां उतरेड अने सीकां प्रचलित हतां. वळी गाय अने भेंसने दोरडा वडे खीले बांधवामां आवती अने गोळीमां दहीं वलोववामां आवतुं.

गोपीओ नेमिकुमारने लग्न करवा वीनवे छे, तेनी सामे दलील करतां नेमिकुमार लग्न कर्या पछीनी मुसीबतो वर्णवे छे. तेमांथी तत्कालीन गृहजीवननुं समृद्ध चित्र प्राप्त थाय छे. ते मुजब लागे छे के संयुक्त कुटुम्बमां जेठाणी देराणीने दुःख आपती. देराणीए जेठाणीने पगे पडवुं पडतुं. खराब स्वभावनी स्त्रीओ कीमती वस्त्रो ने आभूषणो मागीने पतिने पजवती. घी, तेल, बळतण, मीठुं, मरचुं, पान, कंकु वगेरे चीजो बजारमांथी पतिए खरीदी लाववी पडती ने तेमां मोडुं थतां आवी स्त्री रिसाई जती, के रोककळ करती ने सारो संगाथ मळतां पियर पण जती रहेती. घर छोडीने जती रहेती स्त्रीनी घेर घेर वात थती ने पियरमां तेनी सखीओ तेने ठपको आपती. पति पण पछीथी कायर थईने तेने तेडावी लेतो ने कह्यागरो बनी जतो. पुरुष कायरपणुं बतावतो तेम तेम स्त्री तेने वधारे दबावती. मायाभारे स्त्रीओ पतिने मारती. आवी पत्नीथी पति डरतो.

ते समयनी लग्नविधिनी माहिती पण नेमिकुमारना लग्नप्रसंगमांथी मळे छे. ए उपरथी जणाय छे के ए काळे मागुं लईने कन्याने त्यां कोई वडील सगास्नेहीने मोकलवानो रिवाज हतो. लग्नसम्बन्ध ज्ञातिमां ज पसन्द करवामां आवतो. लग्नसम्बन्ध बांधती वखते सगांसम्बन्धीओ अने स्त्रीओ एकठां थतां, स्त्रीओ गीत गाती. फूल अने पानसोपारीथी ए बधांनुं सन्मान करवामां आवतुं. लग्ननुं मुहूर्त ज्योतिषी पासे कढाववामां आवतुं. पछी लग्ननी तैयारीओ थती. पकवान अने वडी बनाववामां आवतां. लग्नमंडप बांधवामां आवतो. तेमां चाकळा अने चंदरवा बंधाता. चोकमां चोरीनी विधि थती. मांडी, मुरकी, हेसमी, गलपापडी, लाडु, खाजां, दाळ, भात, कूर (दहींमिश्रित भात), दहीं, अथाणां ए जमवानी वानगीओ हती. जम्या पछी महेमानोने पान, सोपारी ने लविंग आपवामां आवतां.

वरराजा घोडा पर सवार थईने कन्याने घेर परणवा जतो. तेने माथे मुगट अने ते पर खूंप (पुष्पनो शणगार) पहेरावनवामां आवतो. ते उपरांत माथे खींटली, कानमां कुंडळ, गळामां सोनानो हार अने हाथ पर बहेरखां ते धारण करतो. तेनी पाछळ पान चावता जानैया अने तेनी पाछळ मंगळ गीत गाती स्त्रीओ चालतां. लग्नप्रसंगे सुगन्धी जळ अने द्रव्योनो उपयोग थतो. जाननी आगळ ढोल अने वाजिंत्रो वागतां, वरने तोरणे पोंखवामां आवतो.

बेसवानां साधन तरीके पाटला अने जाजम (चाउरि)नो तथा जमवानां साधन तरीके भाणां अने कचोळांनो उल्लेख काव्यमां थयो छे.

लग्नोत्सुक राजिमती शणगार सजे छे त्यारे भावि अनिष्टनुं सूचन आ रीते करवामां आव्युं छे: 'क्षिणि फरकिउं दक्षिण अंग ताम.' (२-७०). तेथी राजिमती 'मुखि घूघूकार करइ अपार.' आ विगत ए समयना लोकोनी शुकन-अपशुकनमां श्रद्धा व्यक्त करे छे.

आम लावण्यसमयनी वर्णनशक्ति अने अलंकारशक्ति, छन्द अने भाषा परनुं तेमनुं उच्च प्रकारनुं प्रभुत्व तेमज तेमां आलेखायेलुं तत्कालीन समाजचित्र 'नेमिरंगरत्नाकर छन्द'ने मध्यकालीन गुजराती साहित्यमां विशिष्ट स्थाननो अधिकारी बनावे छे.

भाषास्वरूप

'नेमिरंगरत्नाकर छन्द' भाषानी दृष्टिए महत्त्वनी कृति छे.

तेनी ध्वनिमालामां ऋ के ळ देखाता नथी. तद्भव शब्दोमां अन्त्य के उपान्त्य स्वरयुग्मो अइ के अउ मांथी हजु ऐ के औ संयुक्त स्वरो विकस्या नथी, जो के एनुं उच्चारण थतुं हशे. ऐ अने औ संस्कृत तत्सम शब्दोमां सचवाया छे. उ. त., **दैव** (२–१०४), **सौभाग्य** (२–१४९)

ऋ बहुधा रि मां रूपान्तरित थयो छे. उ. त., **रिदय** (१-७७, १–७८), **रिधि** (२–१०६)

चरणान्त प्रासमां कोई वार इ अने य नो प्रास सधायो छे. उ. त., **पाय** .... **सुहाइ** (२–६९), जे इ नुं प्रतिसंप्रसारण सूचवे छे.

क्वचित् लघुप्रयत्न य मळे छे. उ. त., **देस्यूं** (१–५५), **सुणिज्यो** (२–५), **च्यारि** (२–६५), **जाज्यो** (२–७१)

ह नुं उच्चारण स्वरसहित जुदुं मळे छे. उ. त., **नान्हडली** (१–२७), **एहवी** (१–७८), **साहमा** (२–१०), **तुम्हारउ** (२–१३०)

क्वचित् त्वरित उच्चारणने कारणे शब्दोना वर्णोनुं संकोचन थयुं छे. उ. त., **ल्यावइ** (१–७४), **नापु** (१–८४)

क्वचित् र नो प्रक्षेप थयो छे. उ. त., **त्रोडी** (१–३७), **त्रूटइ** (१-४०)

केटलाक अर्ध–तत्सम शब्दोमां विप्रकर्ष मळे छे. उ. त., **दुरमति** (१–१), **भगतिइं** (१–८), **सिरिवच्छ** (१–२९), **कीरति** (२–१३७)

मूळ संस्कृत न नो प्रा. अप. द्वारा मध्य. गुजरातीमां ण चालु रह्यो छे, तेम अहीं पण **कवियणजण** (१-२), **हंसगमणि** (१–३), **पदमिणि** (१–४८), **देसण** (२–१४३) मळे छे.

तेवी रीते मूळ संस्कृत र नो प्राकृत द्वारा चालु रहेलो ल मळे छे. उ. त., **सुकुमाल** (२–९८), **सुकुमाला** (२–१४०)

बहुधा तद्भव शब्दोमां अने क्वचित् तत्सम शब्दोमां ज्यां ष् आवे छे त्यां ख् ना लेखनप्रतीक तरीके ते वपरायेलो छे. उ. त., **चोपी** (१–९), **वषाणइ** (१–१०), **पारषि परषइं** (१-११), **शंष** (१–३१), **सुषि** (१–४२), **दिषाडइ** (१–४५), **दष** (२–१३२), **राषजे** (२–१५३)

कवचित् क्ष नो ख थया पछी ष रूपे लखायेलो छे. उ. त., **षिणि** (१–५२,२–८५, २–८७), **अपय** (२–१६२), **लप** (२–१३२)

संस्कृत तत्सम शब्दोना श अने ष ने बदले कोई कोई स्थळे स वपरायो छे. उ. त., **आस** (१–६०), **सोलह** (१–८०), **देस–विदेसि** (२–६), **ससि-सूरमंडल** (२–५८), **दोस** (२–१०९), **उपदेस** (२–१२०)

आ उपरांत (१) **दुसमन** (१–१०), **तिव्रिल** (१–२३) जेवा फारसी–अरबी शब्दोनो, (२) **सोइ** (१–११, २–९२), **बहुत** (२–४०), **हइ** (२–१११), **भयं** (२–१४७) जेवा व्रज–हिन्दी शब्दोनो, (३) **तोरी** (२–२७), **मोरुं** (२–१०२) जेवा राजस्थानी शब्दोनो, तेमज (४) **हरिची** (१–३०), **सुणिल्ला–धुणिल्ला** (२–७५) जेवा मराठी धाटीना शब्दोनो तेमां प्रयोग थयो छे.

व्याकरण

नाम, विशेषण, सर्वनाम, क्रियापद अने अव्यय ए संस्कृत व्याकरणनां पांचे शब्दस्वरूप आ कृतिनी भाषामां ऊतरी आव्यां छे.

(१) नाम : जाति—संस्कृत–पालि–प्राकृत–अपभ्रंश जेम नामो त्रणे जातिमां मळे छे.

नरजातिमां अ आ इ ई कारान्त नामो मळे छे. उ. त., **जनम, कुंअर, धूंप, पगर, हार, वरराजा, हरि, पति, मणि, स्वामी.** आ उपरान्त नरजातिमां उ अने ओ प्रत्ययान्त नामो मळे छे. उ. त., **कंदोरउ, पाटलउ, वालु, गोफणु, जीवडउ, मरूउ, नेमिनाहो, दिणयरो, नेमिजिणेसरो.**

नारीजातिमां अ आ इ ई उ कारान्त नामो मळे छे. उ. त., **सूंगल, वाट, वात, टेव, जान, वेदन, माया, वीणा, गदा, पुहवि, लाछि, कुहाडि, भमहि, सूइ, कंती, वाणी, सेरी, ताली, वस्तु.**

नान्यतरजातिमां अ, इ, ई, उ कारान्त नामो मळे छे. उ. त., **कवित, चीर, अंगण, लगन, ठाइ, पानि, मोती, तनु.** आ उपरांत नान्यतरजातिमां उं–ऊं प्रत्ययान्त नामो मळे छे. उ. त., **परिणवुं, कायरपणउं, पानडउं, नातरूं.**

वचन—नरजातिमां बहुवचननो सामान्य प्रत्यय आ छे. उ. त., **सिंगारा, कमपा, भमरा, विहारा.** पण कोई वार ओनो उपयोग थयो छे. उ. त., **देवो सिली** (२–११४). आ उपरांत अप्रत्यय रूपो पण मळे छे.

नारीजातिमां बहुवचननो सामान्य प्रत्यय आ छे. उ. त., **नीका** (१–३०)

नान्यतरजातिमां बहुवचननो सामान्य प्रत्यय **आं** छे. उ. त., **पवालां, भाणां, बाणां, वयणलां, टोलां, दूधडां.** आ उपरांत अप्रत्यय रूपो पण मळे छे.

घणी वार बहुवचननो प्रत्यय लागतो नथी, पण विशेषणोने के भूतकालीन क्रियापदोने बहुवचननो प्रत्यय नरजातिमां **आ** अने नान्यतरजातिमां **आं** लागे छे, ते परथी बहुवचननो अर्थ सूचवाय छे. उ. त., **पयकमल सुंहालां** (१–२८), **नेमिंतणा गुण** (१–१२), **दानव मलिआ** (१–३६), **जीतां रातां कमल** (२–२०)

मानार्थे बहुवचननो प्रयोग पण जोवा मळे छे. उ. त., **तु रे जनम्या धन धन जिन सामलवन** (१–२१)

विभक्ति—पहेली तेमज बीजी विभक्तिनो प्रत्यय नथी.

त्रीजी विभक्तिनो प्रत्यय असंयुक्त अने संयुक्त **इ–इं** तेमज **ए** छे. उ. त., **सीलइ** (१–८०), **सुगंधइ** (२–६१), **छंदइं** (१–५), **बुधिइं** (१–९), **वेगिइं** (१–१४), **माहवि** (२–२३), **नेमिविरहिं** (१–९४), **मोतीडे** (२–५२), **नयणे** (२–६६).

चोथीमां **नइं** ए अनुग अने **रेसि** ए नामयोगी वपराया छे. उ. त., **नारीनइं** (१–८१), **हरिनइं** (१–८५), **पितानइं** (२–९), **झीलण रेसि** (१–५०).

पांचमीमां **थिकी** (१–४४), **थिउ** (१–४८), **थी** (२–१३५) ए अनुग वपराया छे.

छठ्ठीमां विशेष्यनां जाति अने वचनना संदर्भमां **नउ** (१–१५), **नी** (२–५२), **नूं** (१–८७), **तणउ** (१–४७), **तणी** (१–४६), **तणइ** (२–१२), **तणेइ** (२–५२), **तणा** (२–७५), **तणां** (१–४२), **केरु** (२–५३), **केरउं** (१–५५), **केरी** (१–२), **केरइ** (२–१४२), **केरा** (१–९), **चु** (१–५५), **ची**(१–३०) ए अनुग वपराया छे. आरंभनी भूमिकामां मळतो ने पछी लुप्त थयेलो **ह** प्रत्यय (सं. **स्य**>प्रा. **स्स**>अप. **स्सु–सु–**) क्वचित् मळे छे. उ. त., **मूलह विण** (१–२९), **हरषह पाणि** (२–२६).

सातमी विभक्तिना प्रत्यय असंयुक्त ने संयुक्त **इ–इं** तेमज संयुक्त **ए** छे. उ. त., **चहुटइ** (१–६३), **चउसासइ** (२–३०), **हियडइं** (१–५), **मनि** (१–८), **अंगि** (१–२), **भालि** (१–२७), **काने** (१–४), **धवलहरे** (१–२५). संस्कृत नारीजातिना **आम्** प्रत्ययनो अवशेष पण क्वचित् मळे छे. उ. त., **आउधशालां पुहतउ** (१–३०), **मांहइ** (२–१०१), **माहिइं** (१–११), **मांहि** (२–१३), **मांहिं** (२–१४०), **वरि** (१–१६), **ऊपरि** (१–४१), **पे** (२–१०३), **मझारि** (२–११), **मझारे** (१–१३) पण सातमीना अर्थमां वपराया छे.

सति सप्तमीनो प्रयोग पण क्यारेक मळे छे. उ. त., **प्रहि ऊगमि परणवुं करेसिइं** (२–७६).

(२) **विशेषण**—अविकारक विशेषणो विशेष्यनी पूर्वे अने पछी कोई पण जातना फेरफार विना ज प्रयोजाय छे. विकारक विशेषणनां पहेली विभक्तिनां एक-वचननां रूप **ए प्रस्ताव अछइ अति मोटउ** (१–५५), **नान्हडली कडली** (१–२७), **वीहुं त्रीजउं उपमान** (२–१३) ए प्रमाणे थाय छे. बहुवचनमां **कवित ते रूडां होइसिइं** (१–१२), **भट्ट भला** (१–४०) थाय छे.

विशेष्यनी जेम त्रीजी अने सातमी विभक्तिना प्रत्यय **इ–ई–ए** विशेषणने पण लागे छे. उ. त., **तिणइं दुषिइं** (१–४४), **इणि परि** (१–२६), **मननइं रंगि** (२–३), **सहीयरनइं टोलइ** (२–८७), **मोटे मोटे मोतीडे जडी** (२–५२).

संख्यावाचक—संख्यावाचक विशेषणोमां **अध, साढा** (वार); **इक, इग, एक; वि, बे, बेउ, वेहु; तिन्नि; चार, च्यारइ, च्यारि, चउ; सत्त, सात; अट्ठ; नव; दह, दस; बार; सोल; अढार, अढारह; छत्तीस; च्यालि, चउपन्न, चउ-प्पन्नह; सट्ठि; चउसठि; एकोतर; वहुत्तरि; सइं, सु, शत; सहस; लक्ख, लाप; कोडि**—ए रूपो मळे छे.

आवृत्तिवाचक—**प्रथम, पहिलउं, वीजु, विहुं, त्रिसणु, त्रीजउं, छठइं, अट्ठमि, नवमइ** ए रूपो मळे छे.

अनिश्चित संख्यावाचकमां **वहुलां, परघल, बहुत, अतिघण, घणाला** ए विशेषण ध्यानपात्र छे.

(३) **सर्वनाम**—**हूं, तूं, ति–ते–तेह, ए–एह, जे, इ, आप, कु–को, सिउं** वगेरे सर्वनामो एनां विविध विभक्तिजन्य रूपोमां प्रयोजायेलां मळे छे.

हुं

विभक्ति	ए. व.	व. व.
१	हउं, हूं, हुं	—
२	—	—
३	मइं	—
४	—	—
५	—	—
६	मुझ, मझ, मोरुं,	अम्ह, अह्मारा
७	—	—

तूं

वि.	ए. व.	व. व.
१	तूं	तुह्मि, तुह्मे
२	—	—
३	तइं	—
४	—	—
५	—	—
६	तुझ, तोरी, तुह्मचु,	तुह्म, तुह्मारउ
७	—	—

जे

वि.	ए. व.	व. व.
१	जं, जि	जे
२	—	—
३	जिणि, जीणइं जेणइ	—
४	—	—
५	—	—
६	जसु जस	—
७	—	—

दर्शक अने त्रीजो पुरुष सर्वनामो

वि.	ए. व.	व. व.
१	सा, स, सं, सो, सोइ, तेअ, ति, ते, तेह, तं, एह, ए, इ, ओ	—
२	—	—
३	इणि, तिणि, तिणइं	—
४	—	—
५	—	—
६	तसु, तासु, तास, तेहना, तेहनी	—
७	तिणि, तिणिं, इणइ	—

स्ववाचक—आप, आपइं, आपुलइ

अनिश्चित—कु, को, कोइ, कांइ, कइ, किंपि, केवि, सवि, सहू, केता

प्रश्नवाचक—सिउं, सिउ, स्या, किसिइं

संबंधक—जे, जे–ते, जं–तं

साधित रूपोमां इसिउं, इसिउ, एहवी, जेवड, त्रेवडी, किसिउं, एतइ, एतलइ, केता, जिस्यां ए विशेषणात्मक रूपो वपरायां छे.

(४) क्रियापद—क्रियापदनां त्रणे काळनां रूप मळे छे.

वर्तमानकाळ–कर्तरि रूप

पु.	ए. व.	ब. व.
१	बोलउं, कहउं, मागूं, जंपूं	कहीइ, थइइ, कहीयइ, लहीयइ
२	डरइ. आणइ, झपइ, कहि	मानउ, जाणउ
३	करइ, चालइ, अछइ, पडए	करइ, करए, धूजइं, लडथडए, रडइए

कर्मणि रूप

कर्मणि रूप मुख्यत्वे त्री. पु. ए. व. अने ब. व. मां मळे छे. तेनां संख्याबंध रूप प्रयोजायां छे. उ. त., दीजइ (२–२९), जोइइ (१–६४), मूंकीइ (२–४०), चूरियइ (२–४०) इत्यादि. कर्मणिनुं नपुं रूप कहाइ (२–३१), सुहाइ (२–४२), पमाइ (२–१३१) वगेरे पण आ कृतिमां मळे छे. दीजइ (२–४६), कीजइ (२–१०४), लीजइ (२–१०२), थाइ (२–१२६) वगेरेनो अर्थ कर्तरि पण थई चूक्यो छे.

भविष्यकाळ–कर्तरि

पु.	ए. व.	ब. व.
१	—	गाइसु, करसिउं, करिसु, कहिसिउं, देस्यूं
२	—	खासिउ, जासिउ
३	करसिइ, करेसिइ, बोलसिइ होसिइ, हुसिइ	जोसिइ, जोइसिइं, वधेसिइं

आज्ञार्थ

(१) शुद्ध आज्ञार्थ—शुद्ध आज्ञार्थमां बीजा पुरुष एकवचनमां कहइ, कहि, कर, करि, सुणि, पालि, आपे, कापे इत्यादि अने बहुवचनमां जोउ, थाउ, जाणउ, करु, आपु, रहु इत्यादि रूप मळे छे.

शुद्ध आज्ञार्थमां बी. पु. ए. व.मां कर्मणिनां रूपोनो पण प्रयोग थयो छे. उ. त., कीजइं (१–५८), कीजइ (१–८३), लीजइ (२–१०७).

भविष्यार्थ आज्ञार्थ—भविष्यार्थ आज्ञार्थमां बी. पु. ए. व.मां रापजे, दापजे (२–१५३) अने व. व. मां सुणिज्यो, धरज्यो, जाज्यो जेवां रूपो प्रयोजायां छे.

प्रेरकनो प्रयोग

मूळ धातुना उपान्त्य अ नो आ थईने के मूळ धातुने आव अने आड प्रत्यय लागीने बनेलां प्रेरक रूपो आ कृतिमां मळी आवे छे. उ. त., वालइ, तारइ, ऊडाडी, नमाडी, रमाडी, रिमाडचा, दिपाडइ, परणावउं, सुणाविउ, हरपावउ, मनाव्या.

कृदंत

वर्तमान, भूत, हेत्वर्थ, संबंधक अने विध्यर्थ के सामान्य कृदन्त अहीं जोवा मळे छे.

वर्तमान कृदन्तमां रमतु, जातउ, ऊपजतु (ए. व.), माता, रोतां, जिमतां (व. व.) उपरांत सं. ०अन्त् (एनुं निर्बळ रूप अत्) मांथी प्राकृतमां विकसेला अन्त अंगथी बनेला झलकंती, वहंतु, धूजंतउ, वाजंति, बोलंति, मांचंता, नाचंता, विहरंता, पडंतां, करंतां रूप पण ठीक ठीक संख्यामां मळे छे. सं. कर्मणि रूप बनावता य् नो विकास ई पण केटलांक वर्तमान कृदन्तनी पूर्वे आवी मळ्यो छे. उ. त., वदीता, कहीतां.

भूतकृदंतमां हुउ, कीधउ, गयु, तुट्ठउ, दिट्ठउ, दीठउ, चडीउ, वूठउ, पूरिउ जेवां रूपो पुंल्लिग एकवचनमां अने समाया, आया, आव्या, डरिया, वाठा, नाठा, पइठा, नट्ठा, तेडचा, जनम्या जेवां रूपो पुंल्लिग बहुवचनमां मळे छे. मराठीनी जेम प्राकृत भूतकृदंतना इल्ल प्रत्ययवाळां रूपो पण तेमां प्रयोजायेलां छे. नपुंसक ए. व.मां लागउं, करिउं, नीठउं, दीठउं, लीधूं, थयूं, जोयउं, हतूं, नडतूं अडतूं अने नपुंमक व. व.मां काढीयां, जीतां, कीधां, ग्यां, पइठां जेवां रूपो मळे छे. स्त्री. ए. व. मां चडी, ऊपाडी, दीधी, पइठी, कही, हुंति अने स्त्री. व. व.मां सिणगारी, परिवरी, सनकारी जेवां रूपो मळे छे. सौराष्ट्रमां व्यापक आणी प्रत्ययवाळां रूपो पण स्त्री. ए. व. अने व. व. मां मळे छे. उ. त., कहाणी (१–८५), ऊजाणीं (१–७२). सामान्य रीते भूतकृदंत क्रियापदनुं काम सारे छे.

हेत्वर्थमां करिवा, तरिवा, वरवानु, करवानु, सूवा जेवां रूपो मळे छे.

संबंधकमां कही, लोपी, टाली, पामी, प्रणमीय जेवां रूपो मळे छे. अप-

भ्रंशथी चाल्या आवेला एवि, एवी अंत्यगवाळां रूपो पण मळे छे. उ. त., वंदेवी (१–१), पिक्खेवि (२–१०७).

विध्यर्थ (सामान्य) कृदंतमां परणवूं (१–८५) जेवा रूप मळे छे.

(५) अव्यय—अव्ययोमां क्रियाविशेषण, नामयोगी, उभयान्वयी अने केवळ-प्रयोगीनो विकास आ भूमिकामां ठीक प्रमाणमां छे.

क्रियाविशेषण अव्यय

आ कृतिमां नीचेनां क्रियाविशेषण अव्यय मळे छे.

स्थळवाचक—**जहिं, जां, वरि, ऊपरि, दूर, दूरि, परतखि, पे, पाषलि, धुरि, भीतरि.**

काळवाचक **हिवइ, हिव, हवइं, जव, तव, आगइ, आज, जाम, ताम, किवारइं, पुनरपि, अहनिसि, सदा, पूरविं, वार वार, त्याहर पछी, पछइ**

रीतवाचक— **जिम, तिम, जं, तं, इस, किम, एमइं, किमइ, परि, परे, प्राणइं, प्राणि, सहजइं, अनिवार.**

कारणवाचक— **कां, काइ, किम, कांइं, सिउं**

निश्चयवाचक— **निश्चइं, निटोल, नीम, सही**

संशयवाचक— **कि, किरि, रखे**

नकारवाचक— **न, नही, नहीं, नवि, म, अंअः**

नामयोगी अव्यय

स्थळवाचक—**पासि, पासइं, वरि, ऊपरि, मझारि, मझारे, सरिसु, लगइ, मांहि, मांहइ, भणी, पे, प्रतिइं, प्रतिं**

काळवाचक—**पाछिली**

हेतुवाचक—**रेसि**

सहितार्थक—**सिउं, सरसिउं, सहित, साथिइ**

रहितार्थक—**विण, पापइ, पपइ**

तुलनावाचक—**समाण, समान, पाहिं, पाहि**

साधनवाचक—**थिकी, करी**

उभयान्वयी अव्यय

समुच्चयवाचक—नइ, नइं, अनइ

विकल्पवाचक—कि, कइ, के

विरोधवाचक—पुण, पणि, पण

संबंधवाचक—जइ-तु, जु–तु, जउ–तु, जं–तं, जउ, तु, वळी, जिम जिम–तिम तिम

परिणामवाचक—नहींतरि

केवळप्रयोगी अव्यय

संबोधनवाचक—हो, रे

शोकवाचक—हा हा

विनय–संमतिवाचक—ज़ी ज़ी

कि, रे, रि, य अने अ पादपूरक तरीके वपराया छे.

कविश्री लावण्यसमयविरचित

नेमिरंगरत्नाकर छंद

प्रथम अधिकार

स्मृत्वा श्रीशारदां नेमेश्छन्दोभिर्विविधैर्वरैः ।
प्रबन्धं वन्धुरं कुर्वे रंगरत्नाकराभिधम् ॥

सारद सार दया कर देवी, तुझ पयकमल विमल वंदेवी,
मागूं सुमति, सदा तइं देवी दुरमति दूर थिकी नंदेवी. १

हिवइ हउं बोलउं मेल्ही माया, तूं कवियणजण केरी माया;
वहु गुणमणि तुझ अंगि समाया, अवगुण अवर अनंत गमाया. २

